Digital Copy

કેનેડાથી પ્રસિદ્ધ થતું ગુજરાતી કમ્યુનિટી ન્યુઝપેપર

जननी जन्मभूमिश्च स्वर्गदपि गरियसी

# ગરવી ગુજરાત

Gujarati Weekly Community Newspaper

| Vol. 1 | Issue 44 | 18 April 2026 | Sugnesh Patel | +1437-967-0062 | garvigujarat2025@gmail.com | CANADA |

# સાઉથલેક સીનીયર કલબ કેનેડા ઘણીજ સક્રિય અને પ્રથમ ક્રમે: મેયર પેટ્રીક બ્રાઉન













સાઉથલેક સીનીયર કલબ કેનેડા ફાઉન્ડેશન દ્વારા વર્ષ 2026 -2027 નો એપ્રિલ માસ નો પ્રથમ કાર્યક્રમ જીમ આરકેડેકીન રીક્રિએશન કેન્દ્ર બ્રમપટોન ખાતે એપ્રિલ 11, 2026ને શનિવાર નાં રોજ 01.00 થી 05.00 દરમ્યાન યોજાઈ ગયો. કુદરતી હવામાન પણ ખૂબજ આહ્લાદક રહેવા થી મનોરંજન નો બધાજ વરિષ્ઠ નાગરિકો એ આનંદ માણ્યો.

એપ્રિલ 2026 થી માર્ચ 2029 સુધીની નવી સમિતીની રચના સર્વ વરિષ્ઠ નાગરિકોની સંમતિથી કરવામાં આવેલ કાર્યક્રમ ની શરૂઆત કરાવતા આ કલબ ના પ્રમુખ અમિત ભટ્ટે ખજાનચી ભરત શર્મા ને ગત વિતેલ વર્ષ નો હિસાબ/ અહેવાલ રજુ કરવા આમંત્રિત કર્યા. હિસાબ રજુ થતા સર્વ સંમતિ થી બહાલી આપવા માં આવી. નવી સમિતિ રચવાની હતી તેથી માર્ચ 31, 2026 ના નોમિનેશન માંગવા માં આવેલ, પરંતુ એપ્રિલ 05, 2026 સુધી માં દર્શાવેલ સમિતિ સિવાય કોઈજ નોમિનેશન ન મળતા સર્વ સંમતિ થી પ્રમુખ અમિત ભટ્ટ, ઉપ પ્રમુખ રણજીત પટેલ, સચિવ રેહાના હાફીઝ, ખજાનચી ભરત શર્મા, નિર્દેશક નીલમ રામપાલ, સભ્યો પરબત બોરડ, મિલિંદ દવે અને હેમંત રાઈગંગર ને બહાલી આપી ખરડો પસાર કરવા માં આવ્યો. પ્રમુખ અમિત ભટ્ટે નવી અવધી ચાલુ થતા સર્વે ને આવકારી, આભાર માની રૂપરેખા મુજબ કાર્યક્રમ ચલાવવા રેહાના હાફીઝ ને આમંત્રિત કર્યા અને જયાં જરૂર પડે ત્યાં પોતે ઉપસ્થિત રહ્યા હતા.

મેયર પેટ્રીક બ્રાઉન, રીજિયોનલ કાઉન્સિલર પોલ વિસેન્ટ, રોવેના સેન્ટષ અને ગુરબકસ માહ્લી ની ઉપસ્થિતી થી વરિષ્ઠ નાગરિકો ને પ્રોત્સાહિત કર્યા. કાર્યક્રમમાં બ્રમપટોનના સાંસદ, મેયર, કાઉન્સિલર અને આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. મેયર પેટ્રીક બ્રાઉને બિન હરીફ ચૂટાયેલ સર્વે ને અભિનંદન પાઠવેલ. પેટ્રીક બ્રાઉને જણાવ્યું કે સાઉથલેક સીનીયર કલબ કેનેડા ફાઉન્ડેશન ને અભિનંદન સાથે જણાવતા મને ગર્વ થઈ રહ્યો છે, આ વરિષ્ઠ નાગરિકોની કલબ બ્રમપટોનમાં એક નવી ઉભરી રહેલ ઘણીજ સક્રિય અને પ્રથમ ક્રમે આરૂઢ થવા જઈ રહેલ અને મહાન વટવૃક્ષ તરીકે પસંદગી પાત્ર બની રહી છે , જેને હું દિલથી ચાહું છુ અને બિરદાવુ છું. આ વટવૃક્ષ હંમેશા વિકાસ પામે, સારા કાર્યક્રમો થકી જોડાયેલ બધાજ વરિષ્ઠ નાગરિકો ને ભરપૂર મનોરંજન અને તેમને જરૂરી માહીતી પુરૂ પાડતી રહે તેવી અભ્યર્થના કરી હતી.

અનુસંધાન છેલ્લા પાન પર

# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

### 18 એપ્રિલથી આવતા શનિવાર સુધી

**મેષ રાશિ** **અ, લ, ઈ** આ અઠવાડિયામાં કામકાજમાં પ્રગતિના નવા અવસર મળશે. આર્થિક સ્થિતિ સુધરવાની શક્યતા છે. પરિવારમાં સહકાર અને આનંદનું વાતાવરણ રહેશે. આરોગ્ય બાબતે થોડી સાવધાની રાખવી જરૂરી.

**વૃષભ રાશિ** **બ, વ, ઉ** અધૂરા કામ પૂર્ણ કરવાની તક મળશે. ખર્ચ વધવાની સંભાવના હોવાથી આયોજન જરૂરી રહેશે. મિત્રો તરફથી સારા સમાચાર મળી શકે. ધૈર્ય રાખશો તો લાભ મળશે.

**મિથુન રાશિ** **ક, છ, ઘ** નવા સંપર્કો તમારા માટે લાભદાયક બનશે. નોકરીમાં નવી જવાબદારી મળી શકે. પરિવારમાં આનંદદાયક પ્રસંગ સર્જાય. વાણી પર નિયંત્રણ રાખવું યોગ્ય રહેશે.

**કર્ક રાશિ** **ડ, હ** માનસિક શાંતિ માટે ધાર્મિક પ્રવૃત્તિમાં રસ વધશે. કારોબારમાં સાવચેતીથી નિર્ણય લો. પરિવાર સાથે સમય વિતાવવાનો મોકો મળશે. આરોગ્ય સામાન્ય રહેશે.

**સિંહ રાશિ** **મ, ટ** કાર્યક્ષેત્રમાં પ્રશંસા મળવાની શક્યતા છે. નવા રોકાણ માટે સમય અનુકૂળ છે. સંતાન તરફથી ખુશીના સમાચાર મળી શકે. આત્મવિશ્વાસ વધશે.

**કન્યા રાશિ** **પ, ઠ, ણ** મહેનતનું યોગ્ય ફળ મળવાનું શરૂ થશે. આર્થિક લાભના નવા માર્ગ ખુલશે. પરિવારમાં સુખદ વાતાવરણ રહેશે. પ્રવાસના યોગ બની શકે.

**તુલા રાશિ** **ર, ત** ભાગ્યનો સાથ મળશે અને અટકેલા કામ આગળ વધશે. સંબંધોમાં મધુરતા વધશે. વ્યવસાયમાં નવો વિચાર સફળ બની શકે. આરોગ્યમાં સુધારો અનુભવાશે.

**વૃશ્ચિક રાશિ** **ન, ય** નિર્ણયો વિચારીને લેવાથી લાભ મળશે. ખર્ચ પર નિયંત્રણ રાખવું જરૂરી રહેશે. કુટુંબમાં નાનકડો મતભેદ થઈ શકે. ધાર્મિક કાર્યમાં રસ વધશે.

**ધન રાશિ** **ભ, ધ, ફ, ઢ** કાર્યક્ષેત્રમાં નવી તક પ્રાપ્ત થશે. મિત્રોની મદદથી અટકેલા કામ પૂર્ણ થશે. આર્થિક લાભની શક્યતા મજબૂત છે. પ્રવાસ લાભદાયક સાબિત થશે.

**મકર રાશિ** **ખ, જ** જવાબદારીઓમાં વધારો થઈ શકે. ધંધામાં ધીમે ધીમે પ્રગતિ થશે. પરિવારનો સહકાર મળશે. આરોગ્ય અંગે બેદરકારી ન રાખવી.

**કુંભ રાશિ** **ગ, સ, શ, ષ** નવા પ્રોજેક્ટમાં સફળતા મળવાની શક્યતા છે. આવકમાં વધારો થઈ શકે. સામાજિક માન-સન્માન વધશે. મિત્રો સાથે આનંદદાયક સમય પસાર થશે.

**મીન રાશિ** **દ, ચ, ઝ, થ** ભાવનાત્મક નિર્ણયો ટાળવા જરૂરી છે. નવા સંબંધો મજબૂત બનશે. ધાર્મિક યાત્રાનો સંયોગ બની શકે. આર્થિક સ્થિતિ સ્થિર રહેશે.

**શ્રી મહેશકુમાર શાસ્ત્રીજી, કેનેડા+1 647 881 9054**
**વાસ્તુપૂજા કથા વિગેરે માટે સંપર્ક કરો**

## તંત્રી લેખ





# શુભ સંયોગોનું સપ્તાહ: આધ્યાત્મિકતા અને સંસ્કૃતિનું અનોખું પર્વ

ભારતીય સંસ્કૃતિમાં તહેવારો માત્ર પરંપરા નથી, પરંતુ જીવનને સકારાત્મક દિશા આપતા સંસ્કાર છે. 17 એપ્રિલથી 23 એપ્રિલ વચ્ચેનો સમય એવો શુભ અવસર લઈને આવે છે, જ્યાં આધ્યાત્મિકતા, શ્રદ્ધા અને સંસ્કૃતિનો સુંદર સંગમ જોવા મળે છે.

આ સમયગાળાની શરૂઆત અમાવસ્યાથી થાય છે, જે આત્મચિંતન, પિતૃ તર્પણ અને આંતરિક શુદ્ધિ માટે ઉત્તમ માનવામાં આવે છે. અમાવસ્યાના આ પવિત્ર દિવસે કરેલ દાન અને પુણ્ય કાર્ય જીવનમાં શાંતિ અને સંતુલન લાવે છે.

આગળ વધતા, અક્ષય તૃતીયા જેવો અત્યંત શુભ દિવસ આવે છે, જે “અક્ષય” એટલે કે ક્યારેય ક્ષય ન થતો પુણ્ય આપનાર દિવસ તરીકે ઓળખાય છે. આ દિવસે કરવામાં આવેલા સદ્કાર્યો, દાન, પૂજા અને નવા કાર્યોની શરૂઆત જીવનમાં સમૃદ્ધિ અને સફળતાના નવા દ્વાર ખોલે છે. ખેડૂતો માટે ખૂબ મહત્વનો દિવસ માનવામાં આવે છે સાથે સાથે પરશુરામ જયંતિ અને ત્રેતાયુગના આરંભની યાદ આપણને ધર્મ અને ન્યાયના માર્ગે ચાલવાની પ્રેરણા આપે છે.



આ સપ્તાહ દરમિયાન આદી શંકરાચાર્ય, સુરદાસ અને રામાનુજાચાર્ય જેવા મહાન આચાર્યોની જયંતિઓ પણ આવે છે, જે ભારતીય સંસ્કૃતિ, ભક્તિ અને તત્ત્વજ્ઞાનના અમૂલ્ય વારસાને ઉજાગર કરે છે. તેમના જીવન અને ઉપદેશો આપણને આધ્યાત્મિક માર્ગે આગળ વધવા માટે પ્રેરણા આપે છે.

અંતમાં, ગંગા સપ્તમીનો પવિત્ર તહેવાર આવે છે, જે ગંગા માતાના પૃથ્વી પર અવતરણની યાદ અપાવે છે. આ દિવસ આપણને પ્રકૃતિ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની અને પવિત્રતા જાળવવાની પ્રેરણા આપે છે. આ રીતે, આ સમગ્ર સપ્તાહ માત્ર તહેવારોનો જ સમૂહ નથી, પરંતુ જીવનને શિસ્તબદ્ધ, સંસ્કારી અને આધ્યાત્મિક બનાવવાનો એક અવસર છે. આ પવિત્ર દિવસોમાં આપણે સદાચાર, સેવા અને સંસ્કારને જીવનમાં ઉતારી, સમાજ અને પરિવાર માટે એક ઉત્તમ ઉદાહરણ બની શકીએ.

જય પરશુરામ

**સુજ્ઞેશ પટેલ**
(તંત્રી શ્રી, ગરવી ગુજરાત ન્યુઝ પેપર) 4379670062

**You may judge a flower or a butterfly by its looks, but not a human being**

**-Tagore. Sankalan by Dr Prakashbhai Thakkar Kalol Gujrat**

**કેનેડાથી પ્રસિદ્ધ થતું ગરવી ગુજરાત ન્યુઝ પેપર વાંચવા ક્યુઆર કોડ સ્કેન કરો**

વાચકોને આ અખબારમાં પ્રસિદ્ધ કોઇપણ જાહેરાતના સબંધમાં પૈસા મોકલવા, કોઇ પણ ખર્ચ ઉઠાવવા અથવા કોઇપણ વાયદા દાવા પર અમલ કરતા પહેલાં જરૂરી પુછપરછ કરવા અને યોગ્ય તપાસ કરવાની સલાહ આપવામાં આવે છે. ગરવી ગુજરાત જાહેરાતકર્તાઓના ઉત્પાદનો અને સેવાઓ માટે કરાયેલ દાવાની જવાબદારી લેતું નથી. જો જાહેરાત આપનાર આવા દાવાનું સન્માન નથી કરતા તો ગરવી ગુજરાતને કોઇપણ પરિણામ માટે જવાબદારી ગણી શકાશે નહીં.


I AM DIFFERENT !!
@realtorravipatel
Looking for the Right Real Estate Expert?
Ravi Patel
REALTOR
Let's Find Your Perfect Home
• Personalized Guidance for Buyers & Sellers
• More Than 5 Years of Experience
• Transparent Service
• Check reviews on Google & Insta and lets get started !!
Let's Get Started
+1(519)-991-7196
www.buywithravi.realtor
@realtorravipatel
RIGHT AT HOME
REALTY BROKERAGE

| 18 April-2026 |
| garvigujrat2025@gmail.com | CANADA |

# Flower City Friends Club Celebrates Vaisakhi & Autism Awareness Month with Grand Community Gathering in Brampton

## Over 125 members attend vibrant cultural event highlighting unity, heritage, and compassion
































**Brampton**

The Flower City Friends Club (FCFC) hosted a vibrant and meaningful celebration of Vaisakhi, Khalsa Day, Sikh Heritage Month, and World Autism Awareness Month at the Paul Pallechi Recreation Center, Brampton. The event witnessed an impressive turnout of over 125 members, reflecting strong community spirit, cultural pride, and inclusivity.

The program commenced with opening remarks by Chairperson Gian Paul, who warmly welcomed all guests and members. In his address, he highlighted the significance of Vaisakhi and Khalsa Day as symbols of courage, equality, and selfless service. He also emphasized the importance of Sikh Heritage Month in recognizing the contributions of the Sikh community, while drawing attention to World Autism Awareness Month and the need for greater understanding, acceptance, and support.

The event was graced by Paul Vicente, who joined the celebration and interacted warmly with members. In addition, Rowena Santos conveyed a special message on the occasion of Vaisakhi and Khalsa Day for FCFC members.

In her message, Rowena Santos extended warm greetings and stated, "Vaisakhi and Khalsa Day remind us of the values of equality, courage, and service to humanity. I commend FCFC for bringing the community together in celebration while also promoting awareness and inclusivity. Wishing everyone a joyful and meaningful Vaisakhi."

A special highlight of the event was the presence of Gurbax Singh Malhi, whose attendance added great pride to the gathering. Addressing the audience, he remarked, "Vaisakhi is not only a festival but a reminder of our identity, values, and responsibility to serve society. It is heartening to see organizations like FCFC preserving our heritage while engaging the community in meaningful initiatives."

Paul Vicente appreciated the efforts of FCFC and remarked, "FCFC continues to strengthen community bonds in Brampton by organizing such inclusive and culturally rich events. It is wonderful to see members coming together in celebration and service."

"Continued on Page No. 20"


MORTAGE
EXPERT
UNLOCK YOUR DREAM HOME WITH
EXPERT MORTGAGE GUIDANCE
Residential mortgage
Commercial mortgage
Refinancing, Home equity loans
Business Line of Credits
Business Loans (CSBFL)
Equipment Leasing and Financing
CMHC Multi Unit Program
Abhay joshi
Mortgage Broker
MORTGAGE
AFFINITY
MORTGAGE
SOLUTIONS INC
INDEPENDENTLY OWNED AND OPERATED
FSRA LIC # 13093
CELL : (647) 409-5848
Lic #M22003707


THE CANADIAN HOME
Residential ✓
Commercial ✓
Industrial ✓
Turning Realty Dreams to Reality
Vatsal Makes it Happen!
GTA, Hamilton & Beyond
VATSAL DESAI
REALTOR®
+1 (416) 456 4448
RealtorVatsalDesai@Gmail.com
www.vatsaldesairealtor.com
BUY | SELL | LEASE | INVEST

# શાળાનો વિકલ્પ ટ્યુશન ક્લાસ બની શકે?




લેખક
ઘનશ્યામ પટેલ (ખુશ)
કેલગરી, કેનેડા


આજકાલ વાલીઓ બાળકને શરૂઆતથી જ મોંઘાદાટ ટ્યુશનમાં મોકલે છે .ટ્યુશન ક્લાસમાં માત્ર પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી કરાવવામાં આવે છે ,તેના સિવાય બીજું કાંઈ બાળક મેળવી શકતો નથી. ટ્યુશનના કારણે બાળક ઘણીવાર શાળામાં અપાતા વિવિધ વિષયોના શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરતો નથી. ટ્યુશનમાં શીખી લઈશું તેવું માનસિક વલણ ધરાવેછે. મારા મત અનુસાર શાળાનો વિકલ્પ ટ્યુશન ક્લાસ તો બની શકે જ નહીં ,હા, તેનો પૂરક બની શકે .શાળામાં બાળકનો સર્વાંગી વિકાસ થાય છે . તેનું ચારિત્ર ઘડતર અને જીવન ઘડતર થાય છે .જીવન જીવવાના અમૂલ્ય પાઠ તે શાળામાંથી શીખેછે. શાળા બાળકના પાયાનું ઘડતર અને ચણતર કરે છે. શાળા બાળકને વૈચારિક અને બૌદ્ધિક રીતે સક્ષમ બનાવે છે. ટ્યુશનમાં ભણાવતા શિક્ષક સાથે બાળકનો ગ્રાહક તરીકેનો સંબંધ હોય છે, જ્યારે શાળામાં શિક્ષક સાથે ગુરુ શિષ્યનો આત્મીયભાવ હોય છે .શાળામાં શિક્ષણની સાથે બાળક શિસ્તપાલન, સહનશીલતા, આત્મનિર્ભરતા, સ્વાવલંબી, સહકાર અને સમયપાલન શીખે છે. શાળામાં સમૂહ પ્રાર્થના થાય છે જેનાથી વિદ્યાર્થીમાં સર્વધર્મભાવના, વિશ્વ બંધુત્વની ભાવના વિકસે છે. શાળામાં નેતૃત્વના પાઠ વિદ્યાર્થી શીખે છે. શાળા દ્વારા વિજ્ઞાનમેળા યોજાય છે. શાળામાં વિજ્ઞાન કલબ, ગણિત ક્લબ જેવી વિવિધ ક્લબ હોય છે, તેમાં વિદ્યાર્થી પ્રોજેક્ટ, શૈક્ષણિક સાધનો શિક્ષકના માર્ગદર્શન મુજબ તૈયાર કરે છે .આમ વિદ્યાર્થીની સર્જન શીલતા વિકસે છે. શાળામાં વક્તૃત્વ સ્પર્ધા , નિબંધ સ્પર્ધા જેવી વિવિધ સ્પર્ધાઓ યોજાય છે. વિદ્યાર્થીને મુક્તમને તેના મૌલિક વિચારો રજૂ કરવાનું પ્લેટફોર્મ મળે છે . સારા સ્પીકર બનવાની તક મળે છે .તેની ટેલેન્ટનો વિકાસ શાળા દ્વારા થાય છે .આ બધું ટ્યુશન ક્લાસમાં શક્ય નથી.




શાળામાં રમતગમતના તાસ અને સમૂહ કવાયતના તાસ હોય છે ,જેના દ્વારા વિદ્યાર્થીમાં ખેલદિલી , પરસ્પર સહકારના ગુણો વિકસેછે. તંદુરસ્તી સારી રહે છે, સ્વાસ્થ્ય અંગે જાગૃત બનેછે . બાળકનો શાળામાં જ શારીરિક ,માનસિક અને આધ્યાત્મિક વિકાસ થાય છે, જે ટ્યુશન વર્ગમાં થતો નથી કે તેને આવી કોઈ મળતી નથી. શાળાના શિક્ષકો વિદ્યાર્થીના માર્ગદર્શક અને પ્રેરણાસ્ત્રોત છે .વિદ્યર્થીની સારી કારકિર્દી બનાવવવામાં શાળા મદદરૂપ થાય છે. વિવિધ જ્ઞાતિ અને ધર્મના વિદ્યાર્થીઓ શાળામાં ભણતા હોવાથી સમાનતા અને ભાઈચારાના ગુણ વિકસે છે .વિદ્યાર્થીની ભૂલ થાય ત્યારે મળતી શિક્ષામાંથી બાળક ઘણું શીખે છે. વિદ્યાર્થી શાળામાં જ શિસ્ત અને અનુશાસનના પાઠ શીખે છે. શાળામાં ચાલતી એન.એસ.એસ. દ્વારા થતી પ્રવૃત્તિથી ભૂકંપ ,દુષ્કાળ ,વાવાઝોડા, સુનામી કે કુદરતી આપત્તિ વેળા ઉઘરાવતા રાહતફાળાથી બાળકોમાં સેવાની ભાવનો વિકસે છે .સામાજિક સેવાના ઉત્તમ પાઠ બાળક શાળામાંથી જ શીખે છે. ઈકો ક્લબ ની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થી સ્વચ્છતાના પાઠ શીખેછે.

ટૂંકમાં શાળા બાળકના ચારિત્ર્ય સાથે જીવન ઘડતરનું કામ કરે છે .વિદ્યાર્થીના અનેક ગુણો શાળામાં જ વિકસે છે, તેને ઘણા અનુભવો મળે છે .જયારે ટ્યુશન ક્લાસ ફક્ત પરીક્ષાલક્ષીને પરિણામલક્ષી છે . જીવન માટે ખૂબ જ જરૂરી મૂલ્યોનું ઘડતર શાળામાંથી જ થાય છે માટે ટ્યુશન ક્લાસ શાળાનો વિકલ્પ કદાપી બની શકે જ નહીં.



# Expand Work Authorization for International Students and Graduates



સંકલન
શ્રી નયનભાઈ બ્રહ્મભટ્ટ
એ એન બી ઈમિગ્રેશન

ANB Immigration Services,
Toronto - Canada -
905 230 4737
info@anbimmigration.com

1 એપ્રિલ, 2026 થી, કેનેડામાં પોસ્ટ-સેકન્ડરી આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને હવે કો-ઓપ્સ, ઇન્ટર્નશીપ અને પ્રેક્ટિકમ જેવા વિદ્યાર્થી કાર્ય પ્લેસમેન્ટમાં ભાગ લેવા માટે કો-ઓપ વર્ક પરમિટની જરૂર નથી.

ઇમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (IRCC) એ 1 એપ્રિલ, 2026 ના રોજ જાહેર કરેલા અભ્યાસ અને કાર્ય અધિકૃતતામાં સુધારાના પેકેજમાં આ ફેરફાર પહેલો છે.

બાકીની દરખાસ્તો - પોસ્ટ-ગ્રેજ્યુએશન વર્ક પરમિટ (PGWP) અરજદારો અને વિદેશી એપ્રેન્ટિસ માટે વિસ્તૃત કાર્ય અધિકૃતતા સહિત - હજુ પણ પરામર્શ તબક્કામાં છે.

**ફેરફારો હવે અમલમાં છે**

1 એપ્રિલ, 2026 થી, પોસ્ટ-સેકન્ડરી આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને હવે વિદ્યાર્થી કાર્ય પ્લેસમેન્ટ માટે અલગ કો-ઓપ વર્ક પરમિટની જરૂર નથી.

કેમ્પસમાં કાર્ય પરિસ્થિતિઓ સાથે માન્ય અભ્યાસ પરમિટ હવે પૂરતી છે, જો પ્લેસમેન્ટ તેમના કાર્યક્રમ દ્વારા જરૂરી હોય અને કુલ કાર્યક્રમના 50% કે તેથી ઓછા હોય. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને હજુ પણ કો-ઓપ વર્ક પરમિટની જરૂર છે.

જે વિદ્યાર્થીઓ પહેલાથી જ પોસ્ટ-સેકન્ડરી કો-ઓપ વર્ક પરમિટ માટે અરજી કરી ચૂક્યા છે તેઓ તેમની અરજી પાછી ખેંચી શકે છે. IRCC કહે છે કે તે આ અરજીઓ પણ પાછી ખેંચી શકે છે અને અરજદારોને સૂચિત કરી શકે છે કે કો-ઓપ વર્ક પરમિટ હવે જરૂરી નથી.

હજુ પણ ફેરફારો પર સલાહ લેવાનું બાકી છે

પ્રસ્તાવિત સુધારાઓ આ પ્રમાણે હશે:

**વર્ક પરમિટ વિના કામ કરવા માટે હાલની અધિકૃતતાને આ રીતે લંબાવો:**

અભ્યાસ પરમિટ વિસ્તરણના નિર્ણયની રાહ જોઈ રહેલા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ; અને આંતરરાષ્ટ્રીય સ્નાતકો તેમની PGWP અરજી પર નિર્ણયની રાહ જોઈ રહ્યા છે.


આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે કો-ઓપ વર્ક પરમિટની આવશ્યકતા દૂર કરો, એટલે કે એક પરમિટ તેમના કાર્યક્રમના ભાગ રૂપે અભ્યાસ અને કામ બંનેને આવરી લેશે;

ચોક્કસ શરતો પૂરી કરતા વિદેશી એપ્રેન્ટિસ માટે સ્ટડી પરમિટની આવશ્યકતા દૂર કરો; અને શેડ્યૂલ કરેલ શૈક્ષણિક વિરામ દરમિયાન વર્ક અધિકૃતતા કેવી રીતે લાગુ થાય છે તેનું પ્રમાણીકરણ કરો.

વર્તમાન સિસ્ટમ હેઠળ, કો-ઓપ અથવા વર્ક-ઇન્ટિગ્રેટેડ લર્નિંગ ઘટક સાથેના કાર્યક્રમોમાં નોંધાયેલા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પાસે સ્ટડી પરમિટ અને અલગ કો-ઓપ વર્ક પરમિટ બંને હોવા જોઈએ.

એ જ રીતે, વિદેશી એપ્રેન્ટિસે તેમની તાલીમ પૂર્ણ કરવા માટે સ્ટડી પરમિટ મેળવવી આવશ્યક છે, ભલે તેમની પાસે પહેલેથી જ વર્ક પરમિટ હોય. કેનેડામાં લાયક બાંધકામ વેપાર તાલીમાર્થીઓ માટે હાલમાં એક અપવાદ છે, જેમને ટેકનિકલ તાલીમ પૂર્ણ કરવા માટે અલગ અભ્યાસ પરમિટની જરૂર નથી.




HOMELIFE
HIGHER STANDARDS
TEAMKAPOOR
Own your Comfort Home
Himanshu Kakkad
himanshukakkad@gmail.com
+1(437)237-9999

# અક્ષયતૃતીયા (અખાત્રીજ) નું મહત્વ શુ છે?
## વૈશાખ સુદ ત્રીજ અક્ષય તૃતીયા તરીકે ઓળખાય છે



લેખક
શ્રી કિરીટભાઈ પટેલ
કેનેડા

અક્ષય તૃતીયા નાં દિવસેશ્રી આપણા વહાલા શ્રી મહાપ્રભુ વલ્લભાચાર્યજીએ શ્રી ગિરિરાજજી ઉપર શ્રીજીબાવાનું મંદિર સિદ્ધ કરાવી તેમાં શ્રીજીબાવાને પધરાવી સેવાક્રમ શરૂ કર્યો હતો.

અક્ષયતૃતીયાનાં શુભ દિવસે ભગવાન શ્રી કૃષ્ણે એક મુટ્ઠી તાન્દુલના બદલામાં સુદામાને અખૂટ વૈભવ બક્ષેલો..

આજના દિવસે કરેલ કોઈ પણ કાર્ય અક્ષય રહે છે, તેથી આજે હોમ, તપ જપ દાન પિતૃ તર્પણ વિ વિ કરવું જોઈએ

અક્ષયતૃતીયાનાં દિવસે શ્રી વેદ્વ્યસ્જીએ ગણેશજી ની સહાય થી મહાભારત લખવાનું આરંભ કરેલ

અક્ષયતૃતીયાનાં દિવસે માં ગંગાજી ભૂતલ ઉપર પધારેલ

અક્ષયતૃતીયાનાં દિવસે સતયુગ અને તેત્રાયુગ નો આરંભ થયેલ..

અક્ષયતૃતીયાનાં દિવસે સૂર્ય દેવે "અક્ષય પાત્ર " પાંડવોને વનવાસ દરમ્યાન આપેલ, જે અખૂટ ભોજન થી ભરપુર રહેતું.

અક્ષયતૃતીયાનાં દિવસે માં લક્ષ્મીજી એ કુબેરજીને (સ્વર્ગના ખજાનચી) અખૂટ સંપતિ બક્ષેલ.

અક્ષયતૃતીયાનાં દિવસે ભગવાન પરશુરામનો જન્મ ભૃગુ ઋષિના કુળમાં થયો હોઈ તેઓ "ભાર્ગવ" અને જમદગ્નિ ઋષિને ત્યાં થયો હોઈ તેઓ "જામદગ્નૈ" તરીકે ઓળખાતા



અક્ષયતૃતીયાનાં દિવસે એકજ વાર વૃંદાવન માં શ્રી બાંકેબિહારીજીના શ્રી ચરણો ના દર્શન થાય છે,

અક્ષય તૃતીયાનો ઉલ્લેખ અને મહિમા વિષ્ણુપુરાણ, નારદ પુરાણ, ભવિષ્ય પુરાણ, તૈત્તરીય ઉપનિષદ, વગેરે

અક્ષયતૃતીયાનાં દિવસે. લક્ષ્મીજી માતા યશોદાનાં કોઠારમાં બિરાજી રહ્યા

અક્ષયતૃતીયાનાં દિવસે શ્રી કૃષ્ણે દ્રૌપદી ના ચીર પૂરી રક્ષા કરેલ.

અક્ષયતૃતીયાનાં દિવસે મહાભારત ના યુદ્ધ ની સમાપ્તિ થયેલ.

અક્ષયતૃતીયાનાં આ પાવન દિવસથી જ ઉત્તર ભારતસ્થિત બદરી કેદારનાથનાં મંદિરો અને હિમાલયમાં રહેલાં અન્ય મંદિરોનાં દ્વાર ખૂલે છે.

અક્ષયતૃતીયાનાં દિવસે જ હયગ્રીવ અવતાર, નરનારાયણ પ્રગટીકરણ, તેમજ માં અન્નપુર્ણ નો જન્મ થયેલ.

બ્રહ્મા જી ના પુત્ર અક્ષય કુમાર નું આજે પ્રાકટ્ય થયેલ..

**યમુના નિકુંજ ગૃપ ના જય શ્રી કૃષ્ણ**

અક્ષયતૃતીયાનાં દિવસે જગન્નાથ પૂરી માં ભગવાન ના રથ નું નિર્માણ કાર્ય આજથી શરુ થાય છે,

**યમુના નિકુંજ ગૃપ**

સનાતન (હિન્દુ) ધર્મમાં અક્ષય તૃતીયા માંગલિક કાર્યો માટે શુભ અને અક્ષય મૂહુર્ત માનવામાં આવે છે. આ ઈશ્વરીય તિથિ પણ કહેવામાં આવે છે. વાસ્તવામાં, 'અક્ષય' શબ્દનો અર્થ છે - જેનો ક્ષય કે નાશ ન થાય. માટે આ દિવસે દાન પુણ્ય વિ. શુભ કાર્યો કરવા

EDM
Elite Digital Marketing
LETS BE POPULAR

ELITE
PRINT & DIGITAL MARKETING

Lowest Price

- Business Card, Flyers, Brochures, Posters Banners etc.
- All other Printing
- Website Development
- Social Media Management/SEO
- Graphic Design
- Excel VBA consulting
- Automation Project
- Start Up Consulting

facebook Link
Chat
Let's Start!

Parth Patel
647 655 5029

Let's Be popular

Find on Google

# શ્રીમદ વલ્લભાચાર્યજીની ૮૪ બેઠક

## બેઠક (૭)મી- કમોદવન(કુમુદ વન)ની બેઠક નું ચરિત્ર




સંકલન
વૈષ્ણવ શ્રી ભદ્રેશભાઈ શાહ
ગોધરા ગુજરાત




મધુવનથી આપ તાલવન પધાર્યા ત્યાં કોઈ ભગવત સ્વરુપ ન હતું, માટે ત્યાંથી પારાયણ ના કરી. પણ કારિકા કરી ત્યાંથી આગળ કમોદ વનની બેઠક છે ત્યાં કુંડ ઉપર શ્યામ તમલાની નીચે ત્રણ દિવસ બિરાજ્યા, પારાયણ કર્યું ત્યાં કૃષ્ણદાસ મેઘને પૂછ્યું કે મહારાજ આ વનનું નામ કમોદ વન શા માટે પડયું ? ત્યારે આપે આજ્ઞા કરી કે સામવેદમાં એક કથામાં વ્રજનું મહાત્મ કહ્યું છે કે એક સમયે શ્રી ઠાકોરજી અને શ્રી સ્વામિનીજી આ વનમાં પાધાર્યા, શરદ-ચાંદની ખીલી રહી હતી ત્યારે સ્વામિનીજીએ કહ્યું કે અહીં કુમુદ કુમુદિની વન થાય તો ઠીક ત્યારે શ્રી ઠાકુરજીએ કુમુદ કુમુદિની લઈ સખીને આજ્ઞા કરી તેથી આ વનનું નામ કમોદવન પડયું ત્યારે વૈષ્ણવોએ વિનંતી કરી કે મહારાજ આપને સંગે આ દર્શન ન થાય તો ક્યારે થાય ત્યારે આપ ગીતાજીનો શ્લોક બોલ્યા “દિવ્ય દદમી તે ચક્ષુ પશ્ય મે યોગ મૈશ્વરમ” તુરંત વૈષ્ણવોને દિવ્ય ચક્ષુથી જોવા લાગ્યા તો કમોદ કમોદીની સહિત જળ સ્નાનની લીલા મહેલનાં દર્શન કરાવ્યા, બહુભાવથી વૈષ્ણવોને દેહનુંસંધાન રહ્યું નહીં તેથી બહુલા વન પધાર્યા, શ્રી મહાપ્રભુજીની કમોદ વનની બેઠક ચરિત્ર સમાપ્ત.

## બેઠક (૮)મી - શ્રી બહુલાવનની બેઠક




બહુલા વનમાં કૃષ્ણ કુંડ ઉપર ઊતર દિશાએ વડની નીચે શ્રી મહાપ્રભુજી બિરાજ્યા, અને પારાયણ કરી ત્યારે ત્યાં ના બ્રાહ્મણો એ વિનંતી કરી કે મહારાજ અહીં નો હાકીમ યવન છે તે બહુલા ગાય ની પૂજા કરવા દેતો નથી કહે છે કે અમારી સામે આ ગાય દાણો ઘાસ ખાય તો પૂજા કરો પછી શ્રી આચાર્યજી એ હકીમને બોલાવ્યો અને તેના દેખતા ગાયની મૂર્તિ ઘાસ ખાવા લાગી તેને આશ્ચર્ય થયું અને દંડવત કહ્યું મહારાજ મને આપનો સેવક કરો ત્યારે આપે આજ્ઞા કરી કે તમે ગાય ની પૂજા કરવા ની બાંધી કરી તેથી તારો અંગીકાર બીજા જન્મમાં થશે. હકીમેં ગાય ની પૂજાની છૂટી કરી અને દેહ છૂટ્યો ત્યારે હોડીવાળા ને ત્યાં જન્મ લીધો તેનું નામ મેહ ઢીમર તેની વાત શ્રી ગુંસાઈજી નાં સેવકમાં લખી છે ત્યાં થી આગળ ટોસ ગામ માં થઈ જિખીન ગામમાં શ્રી બળદેવજી ના દર્શન કર્યા, સૃન્ગાર કર્યા, અને એક રાત્રી બિરાજ્યા અને દમલા ને કહ્યું કે આ શ્રી બળદેવજી પ્રાચીન છે એણે શંખચૂડ ને માર્યા છે તેથી આ ગામ નું નામ જખીન ગામ છે. બીજે દિવસે મુખરાઈ થઈ શ્રી કૂંઠ પધાર્યા, ઈતિ શ્રી બહુલા વનની બેઠક ચરિત્ર સમાપ્ત.

contact:
place: વાથીગામ - district: મથુરા(ઉ.પ્ર)
contact person: શ્રી મધુસુદન મુખ્યાજી - mo: 09867626969

# કમોદવનમાં શ્રી ઠાકોરજી-સ્વામિનીજીની સ્મૃતિમય લીલા અને બહુલાવનમાં હાકીમના હૃદય પરિવર્તનની કથા

# PARIN SHAH

INSURANCE & INVESTMENT ADVISOR

647-673-3344 parinmshah@gmail.com



## EXPLORE PART-TIME OPPORTUNITIES

**Insurance and Investment**

### Benefits:

- We'll reimburse initial expenses and fees for serious candidates
- Part-time opportunity with flexible hours
- Coaching and Training throughout the journey
- A Comprehensive understanding of Investments and Insurance: The Mechanics of Money Management
- Effectively manage your personal finances
- Commission-based earning opportunity

Call Me | Schedule an appointment | Mortgage Solution | Auto & Home Insurance


For the past decade, we have provided a wide range of financial products to support clients' peace of mind and well-being. Our services include:

- **Life Insurance** for loved ones' security
- **Travel, Visitor, and Super Visa Insurance** for journey protection
- **Health, Dental, and Vision Insurance** for medical needs
- **Disability Insurance** for unforeseen circumstances
- **Financial Need Analysis** for effective planning
- **Debt Consolidation** to manage financial burdens
- **Investment** options like **RRSP, TFSA, FHSA, and RESP** for future savings

# ગર્ભગૃહ અને આપણે...



લેખક
શ્રીમતી મિનાક્ષી અ. કરમરકર



આપણા દરેક મંદિરોમાં જ્યાં ભગવાન બિરાજે એને “ગર્ભગૃહ” કહેવામાં આવે છે તેવી રીતે મનુષ્ય શરીરમાં પણ અંતરમાં જે જયોત દૈદિપ્યમાન છે આત્મા છે એવા પવિત્રસ્થાન હૃદયને ગર્ભગૃહ કહેવામાં આવે છે અને આથી જ આપણે “પરસ્પર દેવો ભવઃ” ના સૂત્રને સદીઓથી અમલમાં મૂકતા આવ્યા છે, એકબીજાને માનથી નમન કરતા આવ્યા છે. જેનો ભાવાર્થ એ થાય છે કે તમારા શરીરરૂપી ગર્ભગૃહમાં બીરાજેલ સાક્ષાત દિવ્ય અંશને મારા પ્રણામ. હા, આવો ઉચ્ચ ભાવાર્થ આજકાલ કશે જોવા મળતો નથી પણ હકીકતમાં તો સૌ કોઈ સત્તાને તો વળી કોઈ સામેવાળાના અહમને પોષવા તો વળી કોઈ પોતાનો મતલબ કઢાવવા પ્રણામ કરતા હોય છે.

હિંદુ મંદિરની રચના જયારે કરવામાં આવે છે ત્યારે “ગર્ભગૃહ” ને સૌથી પવિત્ર અને કેન્દ્રસ્થાન માનવામાં આવે છે. એનું મહત્વ જ અનેરૂં છે. “ગર્ભ” એટલે ગર્ભાશય, જ્યાંથી જીવનનો આરંભ થાય છે, અને “ગૃહ” એટલે નિવાસ એટલે કે ગર્ભગૃહનો અર્થ થાય છે કે એ પવિત્ર સ્થાન જ્યાંથી આધ્યાત્મિક જીવનનો જન્મ થાય છે. મંદિરનું ગર્ભગૃહ માત્ર પથ્થરથી બનાવેલું ઓરડું નથી, પરંતુ તે માનવના અંતરાત્માનું પ્રતિક છે. દર વખતે મંદિરમાં દર્શન કરતી વખતે ગર્ભગૃહના પણ દર્શન કરવાથી મનને અંતરમાં વાળવાની પ્રેરણા મળે છે. ગર્ભગૃહ આપણને કહે છે, “બહાર ભગવાન શોધવા કરતાં પોતાની અંદર શોધો.” ભગવાન તમારાથી દૂર નથી, તે તમારા હૃદયમાં જ સ્થાપિત છે. જ્યારે આપણે એકચિત્ત થઈ ધ્યાન કરીએ, ત્યારે અંદરના ગર્ભગૃહમાં રહેલ દિવ્યતાનો અનુભવ અવશ્ય થાય છે.

ભારતમાં ઘણા રૂઢિચુસ્ત મંદિરોમાં સ્ત્રીઓને આજે પણ ગર્ભગૃહમાં જવાની તથા જે તે દેવને સ્પર્શ કરવાની મનાઈ છે. સ્ત્રી શરીરમાં કુદરતી રીતે ગર્ભધારણની શક્તિ હોવાને કારણે એણે દર મહિને માસિક પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. આ પ્રક્રિયાને લઈને જ સ્ત્રી બાળકને જન્મ આપી શકે છે, પૂર્ણ સ્ત્રી બની શકે છે. ઘણા રૂઢિચુસ્ત કુટુંબોમાં આજે પણ એ ચાર દિવસો નારીને બધે અડવાની મનાઈ છે. મારી દ્રષ્ટિએ પહેલા સંયુકત કુટુંબ પરંપરા હતી જેને લઈને સહેજે ઘરમાં નાનામોટા મળી ૨૫-૩૦ જણનું કામ જેમકે, કપડાં - વાસણ - રસોઈ વગેરે કરવાનું રહેતુ. જેથી સ્ત્રીને શારીરિક શ્રમ વધુ પડતો. તો આ ચાર દિવસોમાં એને આરામ મળે એ હેતુથી પણ આ રીત-રિવાજ ચાલુ કરવામાં આવ્યો હશે. રજસ્વલા સ્ત્રી અપિવત્ર ના જ કહી શકાય કેમકે આ દિવસોમાં એ પોતાના પ્રાકૃતિક દૈહિક ધર્મનું જ અનુકરણ કરે છે. બહાય ધર્મમાં શ્રધ્ધા રાખનારાઓ માસિકને અપવિત્ર નથી માનતા પણ સફાઈ અને આધ્યાત્મિક પવિત્રતાને મહત્વ આપે છે. ખ્રિસ્તી ધર્મમાં રજસ્વલા સ્ત્રીને અપવિત્ર માનવામાં આવતી નથી કેમકે બાઈબલમાં ઉલ્લેખ છે કે જીસસે રજસ્વલા સ્ત્રીનો સ્પર્શ કર્યો હતો.

મુસ્લિમ ધર્મમાં નમાઝ પઢવાની કે અન્ય ધાર્મિક કામ કરવાની મનાઈ છે પણ એ બીજા કામ કરી શકે છે. યહુદીઓ રજસ્વલા સ્ત્રીને અપવિત્ર માને છે. શીખ ધર્મમાં મનની પવિત્રતાને ખાસ મહત્વ આપવામાં આવ્યું છે અને સ્ત્રીઓને પુરૂષ સમોવડી ગણવામાં આવી છે જેથી આ સંબંધે કોઈ પ્રથા જાણમાં નથી. સાચા અર્થમાં સ્ત્રી ત્યારે જ મા બની શકે જયારે એ રજસ્વલા થતી હોય. સૃષ્ટિના સર્જનમાં પોતાના શરીરનો એક એક કણ કસોટીએ ચઢાવી, પોતાના જીવને જોખમમા મૂકી પ્રકૃતિના નિયમને અનુસરનારી સ્ત્રી કેવી રીતે અપવિત્ર કહેવાય? આપણે છાસવારે બોલીએ છે કે સૃષ્ટિનું સર્જન તો ભગવાને કર્યું છે તો પછી મંદિરમા જવા માટે સ્ત્રી-પુરૂષ વચ્ચેનો આ ભેદભાવ કેવો? ભગવાનને પણ આપણે અર્ધ નારીશ્વર રૂપમાં પૂજીએ છીએ તો...?

મોટેભાગના કુટુંબોમાં દીકરીઓને આભડછેટના પાઠ ગળથૂથીમાંથી જ શીખવવામાં આવે છે. તેવી જ રીતે બાળપણથી ભગવાનનું રૂપ એટલે પરમ દયાળુ, કૃપાળુ, માફ કરનારૂં બતાવાયું છે તો સહેજે સવાલ થાય કે આવા વિશ્વરૂપ મારા આરાધ્ય દેવ, મારાથી કદી અભડાઈ ખરા? આપણે સહજ ભાવે બોલીએ છીએ...

ત્વમેવ માતા શ્ચ પિતા ત્વમેવ, ત્વમેવ બંધુ શ્ચ સખા ત્વમેવ...

હવે આ શ્લોકના પઠનથી ફરી મને વિચાર આવે કે હું મારા ઈષ્ટદેવને માતા-પિતા, ભ્રાતા, સખા એમ દરેક દુન્યવી રૂપે જોતી હોંઉ, મારૂં જીવન એમને સમર્પિત કરતી હોંઉ તો પછી હું એમનાથી દૂર કેવી રીતે રહી શકું કે તેઓ મારા સ્પર્શથી અપવિત્ર કેવી રીતે થઈ શકે..?

તમે કોઈવાર મંદિરનું બાંધકામ, પૂજાના સાધનો વગેરેને ઉંડાઈથી સમજયા છો? આજે આપણે ગર્ભગૃહની વાત કરીએ છીએ તો દરેક મંદિરના ગર્ભગૃહમાં પ્રકાશ ઓછો હોય છે, શાંતિ વધુ હોય છે અને ત્યાં પ્રવેશ મર્યાદિત હોય છે. આ બધું જ આપણાં અંતરાત્માને સૂચવે છે. બહારની દુનિયામાં ઘોંઘાટ, પ્રકાશ અને વ્યસ્તતા છે; જયારે આપણા હૃદયના ગર્ભમાં શાંતિ, એકાગ્રતા અને દિવ્ય અનુભવ વસે છે. ગર્ભગૃહમાં દેવમૂર્તિ સ્થિર રહે છે - એ આપણને શીખવે છે કે જીવનમાં કેટલાય પરિવર્તન થાય, પણ અંતરમાં પોતાના આરાધ્ય દેવ પ્રત્યેની ભક્તિ અડગ રહેવી જોઈએ. આ તો પુરૂષપ્રધાન સમાજમાં સ્ત્રીની ઉદારતા કહી શકાય એ સદીઓથી મર્યાદામાં રહીને, પરંપરાથી, વડીલોની આજ્ઞાને માન આપી, કુટુંબ પરિવારની ખુશીમાં પોતાને સમર્પિત કરી, એમના દરેક આદેશોને શિરોમાન્ય માની અમલમાં મૂકતી આવી છે.

આધુનિકતાની હદ તો ત્યારે વટી ગઈ જયારે વાંચવામાં આવ્યું કે હવે જે મંદિરોના ગર્ભગૃહમાં સ્ત્રીઓને પ્રવેશવાનો નિષેધ છે ત્યાં સ્ત્રીની પવિત્રતા ચેક કરવા માટે ઈલેકટ્રોનિક ઉપકરણ મુકવામાં આવશે. શું દર વખતે સીતાએ જ અગ્નિપરિક્ષા આપવાની રહેશે? આજે દરેક ક્ષેત્રોમાં સ્રીને પુરૂષ સમોવડી ગણી આગળ વધવા ઉત્સાહિત કરવામાં આવે છે. સાથે સાથે વિશાળ જનસમુદાયમાં એની પ્રગતિ ઉપર સન્માન કરવામાં આવે છે તો પછી આ કેવો વિવાદ.. આપણી ભારતીય પરંપરા અનુસાર પશ્ચિમી વેશભુષામાં મંદિરમા ના જતા ભારતીય પોષાકમાં જવું એ હિતાવહ છે. પ્રસંગ અનુસાર વસ્ત્રો પરિધાન કરવાથી જે તે પ્રસંગને અનુરૂપ માનવીય વ્યવહાર સહજ આવી જાય છે. વધુ આશ્ચર્યની વાત તો એ લાગે કે પશ્ચિમી દેશોમાં તો પુરૂષો પણ હવે પિતૃત્વ ધારણ કરવા લાગ્યા છે તો શું હવે તેઓને પણ મંદિરના ગર્ભગૃહમાં જવા નિષેધ રાખવામાં આવશે? જે

પુરૂષો સેકસ બદલી સ્ત્રીરૂપ ધારણ કરે છે તો શું તેમને પણ ગર્ભગૃહમાં જવાની મનાઈ કરવામાં આવશે?

સ્ત્રી કે પુરૂષ હોવું એ દૈવિક વ્યવસ્થા છે જે પ્રકૃતિના દરેક તત્વમાં દર્શનીય છે પરંતુ માનસિકતા ફકત માનવ સામાજીક પ્રાણીમા જ બંનેની અલગ-અલગ છે. સ્ત્રી અને પુરૂષ માટે પરમાત્માના સ્વરૂપની કલ્પના સરખી છે. જરૂર છે ફકત આર્થિક કે શારીરિક રીતે નહીં પણ માનસિક રીતે બદલાવની.. ઉચ્ચ વિચારો કેળવવાની... ભારતીય ઋષિઓએ મંદિરને માનવ શરીર સાથે સરખાવ્યું છે. મંદિરનું શિખર માથું, મંડપ શરીર અને ગર્ભગૃહ હૃદય સમાન છે. જેમ હૃદયમાં પ્રાણ વસે છે, તેમ ગર્ભગૃહમાં દેવત્વ વસે છે. જ્યારે આપણે મંદિરના બહારથી અંદર તરફ જઈએ છીએ, ત્યારે તે બહારની દુનિયાથી અંદરના આત્મા તરફની યાત્રાનું પ્રતિક છે.

દરેક માનવનું હૃદય ગર્ભગૃહ બની શકે છે. જો આપણે મનને શુધ્ધ કરીએ, સકારાત્મક વિચારો રાખીએ અને ભગવાનનું સતત નામ સ્મરણ કરીએ તો અંતરમાં દિવ્ય પ્રકાશ પ્રગટે છે. ગર્ભગૃહમાં જેમ અશુધ્ધ વસ્તુઓ લઈ જવામાં આવતી નથી, તેમ આપણા હૃદયમાં પણ દ્વેષ, અહંકાર અને ઈર્ષા ન હોવી જોઈએ. મંદિર અને માનવજીવનની રચના આમ તો એકસરખી ગણી શકાય.. જેમ મંદિરમા આપણે પરિક્રમા કરીએ છીએ તેમ જીવનયાત્રામાં પામર માનવી અનેક સુખ દુઃખના વમળો, વિચારો અને સમજ સાથે સતત પરિક્રમા જ તો કરતો રહ્યો છે. છતાં આત્મતત્વનો અનુભવ તો નદીએ જઈને તરસ્યા કિનારે આવ્યા જેવો છે. ... ચાલો.. તો હવેથી મંદિરમા જઈશું તો ગર્ભગૃહને સમજવાનો પ્રયત્ન કરી જીવનમાં એના આધ્યાત્મિક સંદેશને ઉતારવાનો પ્રયત્ન કરીશું.



મંદિરના અંતરના શાંત અંધકારમાં, દીપક ધીમે ધીમે ઝળહળે પ્રકાશમાં.
બહારના ઘોંઘાટથી દૂર નિરાંત, અહીં આત્મા સાંભળે દિવ્યનું ગાન.
પથ્થરના ભીંતોમાં રહસ્ય વસે, મનનાં તરંગો અહીં શાંત થઈ જાયે.
એક પગલું બહારથી અંદર પડે, હૃદયના દ્વાર ધીમે ધીમે ખુલે.
ગર્ભગૃહ કહે — “ અંદર ઉતરો. ” અહંકારનો ભાર બધો ઉતારો.
શબ્દ વગરની પ્રાર્થના બોલે, મૌનમાં ભગવાન હૃદયમાં ડોલે.
દીપકની જ્યોત સમી ભક્તિ જાગે, અંધકારમાં જ્ઞાનનો સૂર્ય ઉગે.
મંદિર ક્યાં દૂર, ક્યાં આકાશમાં? ગર્ભગૃહ વસે આપણા શ્વાસમાં.
હૃદય શુધ્ધ બને ત્યારે જાણો, દિવ્યતા પોતાની અંદર પામો.
બહારની યાત્રા અહીં પૂર્ણ થાય, ગર્ભગૃહમાં આત્મા ભગવાન બની જાય.



# 35+ years of Experience in Insurance Industry

★★★★★

Secure Your Tomorrow by Choosing
Smart Insurance Options with Rajendra



**RAJENDRA PARMAR**
**FINANCIAL ASSOCIATE**

## Key Offerings

- Life Insurance
- Super Visa Insurance
- Visitor Visa Insurance
- Critical illness Insurance
- Disability Insurance
- Dental & Health Insurance
- Group Insurance
- Registered Education Savings Plan (RESP)
- Registered Retirement Savings Plan (RRSP)
- Segregated Funds & Investment
- Wills & Retirement Planning
- Financial Literacy for Companies
- Mortgages & Budget Planning

**FREE INSURANCE QUOTE**

** અમે ગુજરાતી બોલીએ છીએ **

**RAJENDRA PARMAR** ➜

Phone Number:
CANADA : 226-552-9547
INDIA OFFICE :+919879579547
Email :
rajugeeta67@gmail.com

# વિવિધ નક્ષત્રોમાં જન્મેલા જાતકોનું ભવિષ્ય

જ્યોતિષ- આચાર્ય શ્રી સુરેશભાઈ ગાંધી- કેનેડા






(૧૨) ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં જન્મેલા જાતક પુરુષ જાતક દયાવન, સુશીલ, અધ્યાપક કલાપ્રેમી શોખીન સામાજિક પ્રતિષ્ઠા પામનાર, વ્યસન વગરનો કર્મયોગી હોય છે સ્ત્રી ધન સંચય કરનાર, પારકી પંચાત કરનાર ટીકાખોર, ધાર્મિક, દેખાવડી હોય છે.

(૧૩) હસ્ત : આ નક્ષત્રમાં જન્મનાર જૂઠું બોલનાર ચોર, નિર્દય, શૂરવીર, વિવાદાસ્પદ હોય છે સ્ત્રી જાતક પારકું ધન મેળવવાની ઈચ્છાવાળી ચકાચૌંધ કુશળ હોય છે.

(૧૪) ચિત્રા : સફેદ વસ્ત્રોના શોખીન આ નક્ષત્રમાં જન્મેલી સ્ત્રી આકર્ષક હોય છે ને વ્યાકુળ ધરાવે છે પુરુષ ઝઘડાખોર, શાસ્ત્રીપ્રેમી, રજોગુણી, કર્મચારી વિચિત્ર વેશ પહેરનાર ડુબળી, પુત્ર તથા સ્ત્રી સુખ મેળવનાર વિદ્વાન થાય છે.

(૧૫) સ્વાતિ - દાનવીર, શૌર્ય, નમ્ર વેશ્યાવૃત્તિ ધરાવનાર પ્રિયભાષી, ચંચળ, આત્મ સંયમી, પરોપકારી સ્ત્રીઓમાં પ્રિય રાજતલક્ષી ધન પામનાર થાય છે સ્ત્રી જાતક રૂપ છતાં પોતાની ઈચ્છાઓ પૂરી કરનાર થાય છે.

(૧૬) વિશાખા - સ્ત્રી જાતક ધાર્મિક, નમ્ર, વિદ્યાર્થી શોખીન વિદુષી, ધનવાન, સત્યવાદી હોય છે. પુરુષ જાતક - ધર્મનિષ્ઠ, એકલપેટો, ઓછી મૂડી વાપરનાર, ભીખુ, વેશ્યાગામી, વિવાદી, શાસ્ત્રી અને બીજો શાસ્ત્રોમાં પારંગત સમાજ સેવામાં પ્રવૃત્તિ બને છે. વાક્પટુતા સારી હોય છે.

(૧૭) અનુરાધા - મિષ્ટ ભોજનમાં પ્રીતિવાળી, મધપાનમાં રસવાળી અન્યાસક્ત, આ નક્ષત્રવાળી સ્ત્રી - તેજસ્વી, ધાર્મિક, અને દીર્ઘાયુ હોય છે પુરુષ જાતક વ્યાભિચારી મૃદુભાષી, આત્મલક્ષીમાં રસ રાખનાર, ધનવાન સૌંદર્ય પ્રેમી હોય છે પ્રવાસના શોખીન, પરદેશી હોય છે.

(૧૮) જ્યેષ્ઠા - ઉત્તમ કીર્તિવાન, ધાર્મિક, પ્રતાપી વક્તા અલ્પબુદ્ધિ, છતાં ભાગ્યશાળી, ગુપ્તરોગી, પીડિત હોય છે અલ્પ મિત્રવાળા, ઝઘડાખોર, સ્ત્રી દ્વેષી અને આકર્ષક સ્વભાવ વાળી વ્યક્તિ હોય છે.

(૧૯) મૂળ - આ નક્ષત્રના શુભ ભાગમાં જન્મનાર ધનવાન (પરંતુ વયસ્કતાની અંત્ય પદવી જે મૂળના પાદની જે પદવી અશુભ મૂળ કહેવાય છે તેમાં જન્મનાર જાતક શાંતોષધિ, મૂળ અને સરિત મૃતિકાની વિધિ - જીવન હોમ કરાવી પછી જ મા બાપે બાળકનું મુખ જોવું) એવું શાસ્ત્રનું માપ હોય છે પરંતુ મૂળ નક્ષત્રના ૧, ૨, અને ૩ ચરણમાં જન્મનાર જાતક કુમશઃ માતા, પિતા અને ધનના નાશનું કારણ બને છે સ્ત્રી જાતક પણ કુળનો નાશ નોતરનાર જન્મે છે.

(૨૦) પૂર્વાષાઢા - સ્ત્રી જાતક ધર્મનિષ્ઠ, નમ્ર, સત્યવાદી પુણ્ય કર્મ કરનાર થાય છે જ્યારે પુરુષ જાતક ચતુર વક્તા ધનવાન, સરકારી અધિકારી થાય છે.

(૨૧) ઉત્તરાષાઢા - દાની, વિજયી, વિનયી, સુકર્મી, મિત્રપ્રેમી ધનવાન, રાજસુખ પામનાર, ધર્માત્મા થાય છે સ્ત્રી જાતક પતિવ્રતા, મધુર વચન બોલનાર, અતિથિની સેવા કરનાર બહુ પુત્ર યુક્ત થાય છે.

(૨૨) શ્રવણ - વિનમ્ર, શ્રદ્ધાળુ, સહાયકારી, પોતાના કુળમાં શ્રેષ્ઠ. આ નક્ષત્રવાળી સ્ત્રી ધાર્મિક વૃત્તિ ધરાવે છે પુરુષ જાતક લખવાન, વિજ્ઞાન, પંડિત, સત્ય વક્તા લોકપ્રસિદ્ધિ મેળવનાર, સદ્ગુણી ધરાવનાર, ઈશ્વરપ્રિય, અને સારું પત્ની સુખ પામે છે.

(૨૩) ધનિષ્ઠા - ધનાઢ્ય, શૂરવીર, ભોગમાં રસીલી સ્ત્રી શાકાહારી, કુળ મર્યાદા વસ્ત્રોમાં વિશિષ્ટ રૂચિ રાખનાર આભૂષણો અહંકાર પ્રેમી, પાલક, સંગીત પ્રેમી ક્યારેક પંડિત, ઉત્તમ સ્ત્રી પામનાર હોય છે બાકી ૫ નક્ષત્રનો ઉલ્લેખ આવતા લેખમાં કરીશું સાથે વાર પ્રમાણે જન્મેલા જાતકનું પણ ભવિષ્ય કથન કરીશું રવિવાર થી શનિવાર સુધી જન્મેલા જાતક માટે.



DP
DHARMENDRA PATEL

# DHARMENDRA PATEL

FINANCIAL ADVISOR

## INSURANCE

Life & Critical Illness Insurance
Mortgage Protection Insurance
Travel & Super Visa Insurance
Disability Insurance
Medical Insurance

## INVESTMENTS

RRSP, RDSP, TFSA, RRIF & Annuities
Children Education Plans
Estate Planning



Contact : (647) 834-8690
@ Dharmendrapatel@primerica.com

# insureline PEARL

COMMERCIAL HOME AUTO TRAVEL

Dharmendra Patel RIBO

M : 647 834 8690
O : 647 507 9219 | F: 647 872 9219
dharma.patel@insureline.com | www.insurelinepearl.com
7900 Hurontario Street, Unit 302 Brampton, ON L6Y OP6
Independently Owned & Operated

# મિસિસાગા રામ મંદિરમાં રમેશભાઈ ચોટાઈનો ભવ્ય સન્માન સમારોહ





## યુગાન્ડાના નવા કોન્સ્યુલેટ જનરલ તરીકે નિમણૂક બદલ સમુદાયના આગેવાનોની હાજરીમાં અભિનંદન







હિન્દુ ફેડરેશનના સહયોગથી મિસિસૌગા રામ મંદિર rammandir.ca કેનેડામાં યુગાન્ડાના માનનીય રમેશભાઈ ચોટાઈના નવા કોન્સ્યુલેટ જનરલ પુનર્નિર્માણ કાર્યક્રમની ઉજવણી રવીવાર એપ્રિલની ૧૨ તારીખે કરી. આ કાર્યક્રમમાં હિન્દુ ફેડરેશનના પ્રમુખ રૂપનાથ શર્મા, મિસિસૌગાના મેયર કેરોલિન પેરિશ, બ્રેમ્પટનના મેયર પેટ્રિક બ્રાઉન, મિસિસૌગા - માલ્ટનના એમ.પી.પી. દીપક આનંદ, કાઉન્સિલર વોર્ડ - ૭ દીપિકા ડામરલા, સી.આઈ. એફ. ના સભ્ય પંકજ દવે, રમેશભાઈ અને તેમના પત્ની ક્રિષ્નાબેન ચોટાઈ તેમનો પરિવાર, મિત્રો અને ઉત્સાહીક મહેમાનોની હાજરીમાં થયો હતો.

પ્રોગ્રામની શરુઆત એમસી ખુશી ધીરનીએ સર્વેનું સ્વાગત કર્યું અને મંદીરના પંડીતોએ શ્લોકથી કાર્ય ક્રમ શરું કર્યો. ત્યાર બાદ બંને દેશો કેનેડા અને યૂગાન્ડાના રાષ્ટ્રીય ગીતો શ્રીમતી ઈન્દિરાબેન સૌમયા, સરોજબેન રાચ, હશુબેન સથાનકીયા, કિરીટભાઈ શવજાણી તથા ડોકટર અંજુલબેન શર્મા "કથક ડાન્સ ટીચર"ની ત્રણ વિદ્યાર્થીઓની મધુર વાણીથી ગાયું હતું

સરકારી આમંત્રિત મહેમાનો, બીજી સંસ્થાના મહેમાનો શ્રી સુબોધભાઈ કાનાણી, બાપસ સ્વામી નારાયણ મંદીરના પ્રમુખ શ્રી ચંદ્રકાનતભાઈ સચદેવ, અરુણભાઈ રાજા તથા કાંતિભાઈ રાજાએ માનનીય શ્રી રમેશભાઈની ઘણા વર્ષોની મહેનત અને ઘણી " કોમયુટીસ" ને મદદ કરી દાન આપી તેની પ્રશંસા કરી અભીનંદન પાઠવ્યાં. કેનેડામાં યુગાન્ડાના કોન્સ્યુલેટ જનરલના ઘણીજ માંગણી વારા "પોર્ટ ફોલીઓ" માટે શુભેચ્છા પાઠવી. હિન્દુ ફેડરેશનના પ્રમુખ પંડિતજી રુપનાથ શર્માએ પણ તેમનો કીમંતી સમય આપ્યો તથા રામ મંદીરને યોગદાન કર્યું છે, તે બદલ આભાર માન્યો અને નવી જવાબદારી માટે શુભેચ્છા પાઠવી.

# મિસિસાગા રામ મંદિર ખાતે હિન્દુ ફેડરેશન દ્વારા વિશેષ ઉજવણી કાર્યક્રમ યોજાયો














શ્રી રમેશભાઈએ સર્વેને આભાર માન્યો અને જણાવ્યું કે આ સમુદાયની મુસકેલ જવાબદારી તેમની પત્ની ક્રિષ્નાબેન તથા ફેમીલીના મદદ વગર થઈ ન શકત. ભૂતકાળની જલક ઓક્ટોબર ૧૯૭૨ નો ભયંકર ટાઈમ તેમને સર્વેને યાદ કરાવ્યો. ઈડી અમીન યુગાન્ડાના સૈનિક સરમુખત્યાર અને રાજ્યના વડા ( ૧૯૭૨ - ૧૯૭૮ ) જનરલનેમસ્વપ્નું આવ્યું કે યૂગાન્ડામાં વસતા એશીયોનો કમાઈ કમાઈને બીજે દેશ પૈસા મોકલે છે એટલે દેશ ભીખારી થઈ જાય એ પહેલાં નેવું દીવસની અંદર યુગાન્ડાના વતની તથા બીજા દેશનો પાસપોર્ટ ધરાવતા હોય તે સર્વે એશીચનોને દેશ નીકાલ કર્યો અને તે પણ ૯૦ દીવસની અંદર! ફક્ત ૬૦ રતલની સુટકેસ તેમની સાથે લઈ જવાની છૂટ. મીલટરીના સૈનિકો તેમજ ત્યાંના વતનીઓએ ફાયદો ઊઠાવયો. કુંવારી છોકરીઓને ઘેર આવીને અપરણ કરી બળાત્કાર કરી અને પછી મારીને નાંખતા. દુનીયા ભરના દેશોને મદદના સંદેશા મોકલાવ્યા અને થોડીજ વારમાં વિશ્વના વીવીધ ભાગોથી મદદ આવી અને શરણાર્થીઓને લેવાનું શરું થયું. ઈસમાઈલીના નેતા આગાખાન ની ભૂતપૂર્વ પ્રધાનમંત્રી સ્વર્ગસ્થ પિયર ટ્રુડોની મિત્રતાના દરવાજા ખોલયાં અને ૬૦૦૦ શરણાર્થીઓને કેનેડાના વિઝા મલ્યા. રમેશભાઈ ત્યાંના વ્યાપારી હતાં તેમને ઘેર મીલટરી આવી પકડી ગઈ અને તેમની સાટી કાઢી અને યુગાનડાના “કેપીટલ સીટી” કંપાલામાં રસતામાં ચલાવ્યા અને જેલમાં નાખ્યાં. જેલરને પૈસા આપીને નીકળી ગયા. અને કેનેડાની એમબેસીની કરૂપાથી ૨૪ કલાકમાં યૂગાન્ડા છોડી કેનેડામાં આવ્યા. તેમને ખાસ મલવા ભૂતપૂર્વ ઈલીયટ ટ્રુડો આવ્યા અને ભલે પધાર્યા આવકાર આપીને કહયુંકે “ you are our future “. તેમણે ઓશાવાની એક ફાર્મસીમાં ફાર્માસિસ્ટ/મેનેજર તરીકે કામની શરૂઆત કરીને, તેણે વિશ્વભરમાં તબીબી અને હેલ્થકેર ઉત્પાદનોનું ઉત્પાદન અને વિતરણ કરતી ખૂબ જ સફળ કંપનીઓનો સમૂહ ઉભો કર્યો તેની કંપની બ્રોમેડ ફાર્માસ્યુટિકલ્સ બહુ-મિલિયન ડોલરનો ટર્નઓવર ધરાવતી અગ્રણી ફાર્માસ્યુટિકલ કંપનીઓમાંની એક બની, જે અનેક લોકોને રોજગાર પૂરો પાડે છે અને ફાર્માસ્યુટિકલ ફોર્મ્યુલેશન ટેકનોલોજીમાં અગ્રણી બની છે તેમજ, સમુદાય નિર્માતા અને પરોપકારી તરીકે, તેઓ હિંદુ મંદિર અને સાંસ્કૃતિક કેન્દ્રના ભૂતપૂર્વ પ્રમુખ રહ્યા છે. શ્રી ચોટાઈ કેનેડિયન મ્યુઝિયમ ઑફ ઈન્ડિયન સિવિલાઈઝેશનના ઉપાધ્યક્ષ, વ્રજ કેનેડા કોમ્યુનિટી સેન્ટરના પ્રમુખ અને કેનેડા સર્વ્સના પ્રમુખ છે. તેમને ઓન્ટારિયો સરકાર અને વિવિધ સમુદાય સંસ્થાઓ તરફથી અનેક પુરસ્કારો પ્રાપ્ત થયા છે. શબ્ધ “શરણાર્થી - refugees “સામાન્ય રીતે નકારાત્મક પ્રતિસાદ લાવે છે, પરંતુ યૂગાનડામાં જન્મેલા શ્રી રમેશભાઈ ચોટાઈએ આ શબ્દનો અર્થ બદલ્યો અને આજે તેમને કેનેડામાં “ Very successful Business man “ તરીકે ઓળખવામાં આવે છે, અને તે એક ખરેખર ગૌરવની વાત છે. મેં બંને દેશોનો પ્રતીભાવથી, તેમના કોટ પર કેનેડા અને ભારતનો બેજ લગાવ્યો અને કહ્યું કે અમને આજે ગર્વ છે કે કેનેડામાં યુગાન્ડાના નવા કોન્સ્યુલેટ જનરલ તરીકે તેમને આ પદ મળ્યું છે. તેમના આ પદથી બંને દેશોને જરુર ફાયદો થશે તેમાં શંસચ નથી. Definitely he is good luck to both countries. Cheers!

મીશીસાગા રામ મંદીર બેન્કવેટ હોલની સુંદરતાની પ્રેરેરીત દરેક વ્યક્તિઓ જોઈ ખુશ થયા અને ખાસ કરીને સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણ્યો, તેનો જશ પંડીત રુપનાથ શર્મા, મંદીરના “ સ્ટાફ - અને વોલટીયરશને જાય છે. આ કાર્યક્રમ સર્વેને હંમેશા યાદ રહેશે અને કેનેડિયન શરણાર્થીઓના પોકેટ મનીના સુવર્ણ પૃષ્ઠ પર શ્રી રમેશભાઈ ચોટાઈનું નામ જશે તે તેમની સખત મહેનત, આત્મવિશ્વાસ અને તેમના સમુદાયો પ્રત્યેના સમર્પણથી અને તેનો જશ તેમના પત્ની ક્રિષ્નાબેન તથા તેમની ફેમીલીને જાય છે.

This celebrations event recognition of Hon Rameshbhai Chotai’s achievement will always be remembered. He was a great successful business man in Uganda and being one the refugees wearing just a shirt not a penny in his pocket he landed at Montreal & it was very cold that evening too. One officer donated his winter coat to him and today he is recognized as very successful pharmaceutical business man in Canada. This is because of his confidence hard work & dedication to the communities. Congratulation to Pandit Ji Roopnauth Sharma , President of Hindu Federation in association with Mississauga Ram Mandir for the great success of this event-celebrations & credit goes to Mandir’s staff & dedicated volunteers. Thanks Dr. Anjulben Sharma & her students for the wonderful Shri Ganesh ji dance.



















"Continued from Page 2"

The celebration was filled with lively entertainment and enthusiastic participation from members, who showcased their talents through cultural performances, music, and dance. The program was skillfully conducted by Master of Ceremonies Kamal Babra, while stage coordination was efficiently managed by Joyti Dadilia, ensuring smooth and well-organized performances throughout.

A special highlight of the event was the celebration of birthdays for members born in March and April, adding warmth and joy to the occasion.

Jaswinder Daind, President of FCFC, along with Kamal Babra, expressed heartfelt appreciation to members for their dedication to the Golden Hands Knitting Hope Project, recognizing their efforts in knitting caps for seniors and cancer patients, reflecting compassion and community service.

The guests and members also enthusiastically participated in a fun-filled tambola game, further adding to the festive atmosphere.

In his concluding remarks, Chairperson Gian Paul extended sincere thanks to all members, guests, and volunteers for their continued support and active participation. He emphasized that such unity and collective efforts are the true strength of FCFC.

The event concluded on a joyful and inspiring note, leaving everyone with a renewed sense of community spirit, cultural pride, and commitment to social causes.

## About Flower City Friends Club (FCFC):

Flower City Friends Club is a Brampton-based community organization dedicated to promoting social inclusion, cultural engagement, and the well-being of its members, particularly seniors. Through regular events, educational seminars, cultural programs, and community service initiatives such as the Golden Hands Knitting Hope Project, FCFC strives to build a connected, compassionate, and vibrant community where members feel valued, engaged, and empowered.

MURTI'S KITCHEN

Sweets | Farsan | Snacks

- Dal-Bati
- Dakor na Gota
- Pavbhaji
- Vadapav
- Dabeli
- Papdi no lot
- Lilva Kachori

- Ladu(Gud/Sugar)
- Mohanthhal
- Magas
- Mysore Pak
- Penda
- Kopra pak

- Fulwadi
- Khaman(Vatidal )
- Khaman(Nylon )
- Sev Khamani
- Fafda
- Chole Bhature
- Patties

Winter Special
METHI-PAK, ADADIYA-PAK, Khajur Pak (roll)

And Many more.


Swaminarayan & Farar food Available

We do Catering

ફ્રેશ ... ટેસ્ટી
Murti's Kitchen

CALL US FOR MORE DETAILS
647-389-7549

Family Events
Office Event
Birthday Event
Wedding



# અબોલ જીવસેવા



સંકલન
હસમુખ બી. પટેલ
‘હર્ષ’-‘પરખ’
અમદાવાદ-નારદીપુર
Mob No
98792 02380
E Mail
patelh166@gmail.com

સમગ્ર દુનિયામાં વિશ્વ પશુચિકિત્સા દિવસ (World Veterinary Day) પ્રત્યેક વર્ષે એપ્રિલ મહિનાના છેલ્લા શનિવારે ઊજવવામાં આવે છે. આ વર્ષે ઈ.સ. 2026 માં વિશ્વ પશુચિકિત્સા દિવસની (World Veterinary Day) ઉજવણી તા. 25 એપ્રિલના રોજ થવાની છે. વિશ્વ પશુચિકિત્સા દિવસ (World Veterinary Day) સૌ પ્રથમ વર્ષ 2000માં ઉજવવામાં આવ્યો હતો. વર્લ્ડ વેટરનરી એસોસિએશન (WVA) દ્વારા વિશ્વ પશુચિકિત્સા દિવસ સમગ્ર વિશ્વમાં અબોલ જીવોના આરોગ્ય અને કલ્યાણમાં પશુચિકિત્સકોના યોગદાનની નોંધ લઈને તેમને વધારે પ્રેરિત કરવા માટે ઊજવવામાં આવે છે. વર્લ્ડ વેટરનરી એસોસિએશન (WVA) દ્વારા પશુચિકિત્સા વ્યવસાયના મહત્વને પ્રકાશિત કરવા અને સમાજમાં આ વ્યવસાયને ગૌરવપૂર્ણ સ્થાન મળે એ આશયથી વિશ્વ પશુચિકિત્સા દિવસ ઊજવવામાં આવે છે. વૈશ્વિક સમાજ પર પશુચિકિત્સકોના સકારાત્મક પ્રભાવને ઉજાગર કરવા માટે વર્લ્ડ વેટરનરી એસોસિએશન (WVA) દ્વારા વિશ્વ પશુચિકિત્સા દિવસ (World Veterinary Day)ની ઊજવણીને વાર્ષિક કાર્યક્રમ બનાવવાનું નિર્ધારિત કરવામાં આવેલું છે.

વિશ્વ પશુચિકિત્સા દિવસનો ઈતિહાસ છેક 19મી સદી સુધી વિસ્તરે છે. ઈ.સ.1863 માં પ્રથમ આંતરરાષ્ટ્રીય પશુચિકિત્સા કોંગ્રેસ યોજાઈ હતી. ઈ.સ. 1959 માં વર્લ્ડ વેટરનરી એસોસિએશન (WVA) ની સ્થાપના કરવામાં આવી હતી, જેણે વૈશ્વિક સ્તરે પશુચિકિત્સકોને એક કર્યા હતા. ઈ.સ. 2000 માં વર્લ્ડ વેટરનરી એસોસિએશન (WVA) એ સત્તાવાર રીતે એપ્રિલના છેલ્લા શનિવારને વિશ્વ પશુચિકિત્સા દિવસ તરીકે ઉજવવાની ઘોષણા કરી હતી. આ દિવસની ઉજવણીથી એકબાજુ પશુચિકિત્સા વ્યવસાયની મહત્તા અને જાગૃતિ સમાજના તમામ સ્તર સુધી પહોંચી અને બીજીબાજુ અબોલ જીવસેવા માટે સમગ્ર વિશ્વમાં વધારે ને વધારે લોકોને જોડવામાં આવ્યા, પ્રેરિત કરવામાં આવ્યા. ઈ.સ. 2000થી આ દિવસ વાર્ષિક ધોરણે ઉજવવામાં આવે છે. WVA દર વર્ષે પશુચિકિત્સા સંભાળ અને વ્યવસાયના ચોક્કસ પાસાને પ્રકાશિત કરવા માટે એક વિશેષ વિષયવસ્તુ (થીમ) પસંદ કરે છે.

25 એપ્રિલના રોજ ઉજવવામાં આવનાર વિશ્વ પશુચિકિત્સા દિવસ ઉપર આપણે સૌએ ભેગા મળીને અબોલ જીવ ચિકિત્સા, અબોલ જીવ આરોગ્ય, અબોલ જીવ સારવાર તથા અબોલ જીવ કલ્યાણમાં પ્રાણમૂલક (અત્યાવશ્યક) ફાળો આપનાર પશુચિકિત્સકોની તમામ સ્તર પર નોંધ લેવાની છે. તેમનું સમર્પણ, કરુણા અને કુશળતા ખરેખર અમૂલ્ય છે. તેમનું કાર્ય અસંખ્ય અબોલ જીવોના અસ્તિત્વ પર અસર કરે છે અને બદલામાં વન હેલ્થ (One Health) સિદ્ધાંતો દ્વારા સમાજને લાભ આપે છે. આવો, આપણે સૌ સાથે મળીને પશુચિકિત્સકોના અથાક પ્રયત્નોને સ્વીકારીએ, પ્રશંસા કરીએ, વધારે પ્રેરિત કરીએ અને તેમના અબોલ જીવસેવા જેવા આવશ્યક કાર્યમાં તેમને ટેકો આપવા માટે પ્રતિબદ્ધ થઈએ.

## છેલ્લા દશકની બધી વિષયવસ્તુ (થીમ)

2025: ગત વર્ષ 2025ની વિષયવસ્તુ (થીમ) ‘પશુ આરોગ્ય માટે એક ટીમ’ (Animal Health Takes a Team) હતી. પશુચિકિત્સા સારસંભાળમાં સ્વીકાર્ય ભાવ સાથે ટીમવર્કના મહત્વ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવેલ છે. અસરકારક પશુચિકિત્સા સેવાઓ ઘણીવાર પશુચિકિત્સા નર્સો, ટેકનિશિયન, સંશોધકો અને અન્ય સંલગ્ન આરોગ્ય વ્યાવસાયિકો સહિત વિવિધ વ્યાવસાયિકોના સામૂહિક પ્રયાસો પર આધાર રાખે છે.

2024: પશુચિકિત્સકો આવશ્યક આરોગ્ય કાર્યકરો છે. (Veterinarians are essential health workers.)

2023: પશુચિકિત્સક વ્યવસાયમાં વિવિધતા, નિષ્પક્ષતા (ઔચિત્ય) સમાનતા અને સમાવેશકતાને પ્રોત્સાહન (પ્રવર્તન) આપવું. (Promoting Diversity, Equity and Inclusiveness in the Veterinary Profession.)

2022: પશુચિકિત્સકોની અનુકૂલન ક્ષમતા (સ્થિતિસ્થાપકતા, લવચીકતા, નમ્યતા) ને મજબૂત બનાવવી. (Strengthening Veterinarians Resilience.)

2021: ચોક્કસ વિષયવસ્તુની જાહેરાત નહોતી કરાયેલ પરંતુ અનૌપચારિક રીતે થીમ ‘એક સ્વાસ્થ્ય’ (One Health) ગણવામાં આવેલ.

2020: પ્રાણી અને માનવ સ્વાસ્થ્ય સુધારવા માટે પર્યાવરણીય સંરક્ષણ (Environmental protection for improving animal and human health)

2019: રસીકરણનું મૂલ્ય (The Value of Vaccination)

2018: ચોક્કસ વિષયવસ્તુની જાહેરાત નહોતી કરાયેલ પરંતુ અનૌપચારિક રીતે થીમ ‘રસીકરણ’ (Vaccination) ગણવામાં આવેલ.

2017: ચોક્કસ વિષયવસ્તુની જાહેરાત નહોતી કરાયેલ પરંતુ અનૌપચારિક રીતે થીમ ‘પ્રાણી સંસાધનો તથા જૈવ સુરક્ષા’ (Animal Resources and Biosecurity) ગણવામાં આવેલ.

2016: ચોક્કસ વિષયવસ્તુની જાહેરાત નહોતી કરાયેલ પરંતુ અનૌપચારિક રીતે થીમ ‘એક સ્વાસ્થ્ય’ (One Health) ગણવામાં આવેલ.

વર્લ્ડ વેટરનરી એસોસિએશન (WVA) એ 25 એપ્રિલ, 2026 ના રોજ ઉજવાતા વિશ્વ પશુચિકિત્સા દિવસ 2026 ની થીમ “પશુચિકિત્સકો: ખોરાક અને આરોગ્યના રક્ષકો” (Veterinarians: Guardians of Food and Health) તરીકે જાહેર કરી છે. આ થીમ “ખેતરથી ભોજનના કાંટા સુધી” (farm to fork) ખાદ્ય સલામતી, પ્રાણી કલ્યાણ અને જાહેર આરોગ્ય સુનિશ્ચિત કરવામાં પશુચિકિત્સકોની આવશ્યક ભૂમિકા પર ભાર મૂકે છે. Farm to Fork (ફાર્મ ટુ ફોર્ક) એટલે ખેતરથી લઈને તમારી થાળીમાં પહોંચતાં સુધીની ખોરાકની સમગ્ર સફર. સરળ ભાષામાં કહીએ તો – ખેતરમાં પાક ઉગાડવાથી શરૂ કરીને, તેની કાપણી, સંગ્રહ, પરિવહન, પ્રોસેસિંગ, બજારમાં વેચાણ અને અંતે ઘર કે રેસ્ટોરન્ટમાં બનેલું ભોજન આ આખી પ્રક્રિયાને Farm to Fork કહેવામાં આવે છે.

## આપણે એક સારા વ્યક્તિ તરીકે વર્તમાન સમયે નીચે મુજબના મુદ્દાઓ ધ્યાનમાં રાખીને અબોલ જીવસેવા માટે કરવી જોઈએ.

કડકડતી ઠંડીમાં કંતાન પાથરીને અબોલ જીવોનું કાતિલ ઠંડી સામે રક્ષણ કરવું જોઈએ. ઉનાળાની આકરી ગરમીમાં અનિવાર્ય રીતે દિવસમાં બે વાર અબોલ જીવો માટે કૂંડા મૂકીને પાણી તો આપવું, ભરવું ને પીવડાવવું જોઈએ. ચોમાસામાં મુશળધાર વરસાદના વચ્ચે અબોલ જીવો માટે સુરક્ષિત રહેઠાણની સગવડ કરવી જોઈએ.

આટલા વરસાદમાં અનુકૂળતા મળે એટલે તરત જ પંખીઓને કોરી જગાએ ચણ [ ખાવાના દાણા ] નાખવા જોઈએ.

પ્રાણીઓ માટે શક્ય તેટલું વધારે અને તાજું ખાવાનું મૂકજો ગરમ કપડાં કે કોથળા કોરી જગાએ પાથરવા જોઈએ.

શેરી શ્વાન માટે કોરી જગા, એને બેસવાની સૂવાની જગા પૂરી પાડવી જોઈએ.

દરરોજ બે રોટલી / બે મુઠ્ઠી અનાજ / એક કુંજામાં પાણી : આટલો સેવાયજ્ઞ પશુ પંખી પ્રાણીઓ માટે કરવો જોઈએ.

આજની ભાગદોડની સમયમાં પશુ પંખી પ્રાણીઓને ખાવાપીવાનું બહુ ઓછું મળે છે.

માનવજન્મ ને સાકાર કરી આ સેવાયજ્ઞને નિત્યક્રમ બનાવીને સાચા માનવ બનીને અબોલ જીવપ્રેમી બનવું જોઈએ.

## 25 એપ્રિલ ઈ.સ. 2026 ના વિશ્વ પશુચિકિત્સા દિવસ (World Veterinary Day)ની ઉજવણીની રૂપરેખાઃ

તમામ શ્રોતાઓ / વાચકો / પ્રતિનિધિઓ / સહભાગીઓ / એન.જી.ઓ. / કાર્યકર્તાઓને વિશ્વ પશુચિકિત્સા દિવસ (World Veterinary Day) ની ઔપચારિક શુભેચ્છા પાઠવીને દિવસની ઉજવણીની રૂપરેખા આપવાની છે.

વૈશ્વિક સ્તરે પશુચિકિત્સકોના યોગદાનની નોંધ લઈને વૈશ્વિક સ્તરે અબોલ જીવસેવા માટે વધારે પ્રેરણા આપવાની છે. સામાન્ય રીતે હડધૂત થનારા અબોલ જીવો પ્રત્યે લાગણી કેળવાય એવા સમાજ નિર્માણમાં ભાગીદાર બનવાનું છે.

વિશ્વ પશુચિકિત્સા દિવસ 2026 ની ચોક્કસ વિષયવસ્તુ (થીમ) 'પશુચિકિત્સકો: ખોરાક અને આરોગ્યના રક્ષકો" (Veterinarians: Guardians of Food and Health)નો ઉલ્લેખ કરો. આ થીમ દ્વારા પશુચિકિત્સા સંભાળના માટે તમામ પશુચિકિત્સકોને સતત પ્રોત્સાહિત કરવાના છે.

પશુચિકિત્સકો એ પશુ આરોગ્યના વાલીઓ છે એ સમજને ઉજાગર કરવાની છે. પાલતુ પ્રાણીઓમાં તથા શેરી પ્રાણીઓમાં સામાન્ય બીમારીઓની સારવારથી લઈને જટિલ ચિકિત્સા સુધીની પશુચિકિત્સકોની વિવિધ ભૂમિકાઓને ચોતરફ સમજાવો. ખેતરો, જંગલો અને વન્યજીવનમાં પશુ આરોગ્ય કાર્યમાં રહેલી અઢળક સમસ્યાઓ, સમસ્યાઓનો સામનો કરીને કરેલી સારવાર અને પછી અબોલ જીવોની મહદંશે સ્વસ્થતા સમજો અને સમજાવો.

વન હેલ્થ (One Health) પહેલ દ્વારા પ્રાણીઓના સ્વાસ્થ્ય અને કલ્યાણને સુનિશ્ચિત કરવામાં પશુચિકિત્સકો અને વિવિધ એન.જી.ઓ.ના રોજબરોજના કાર્યની સમાજના તમામ સ્તરે નોંધ લેવાય એ સુનિશ્ચિત કરો. આ માર્ગ માનવ સ્વાસ્થ્ય અને ખાદ્ય સલામતી તરફ લઈ જાય છે એને પ્રતિબિંબિત કરો.


અબોલ જીવોના આરોગ્ય કાર્યના તમામ ક્ષેત્રોનો ઉલ્લેખ કરીને જાહેર આરોગ્ય, શેરી પ્રાણી તથા પંખી આરોગ્ય, અબોલ જીવ કલ્યાણ, ઉપલબ્ધ સંસાધનો, વિશેષ સંશોધન વિગેરે પાસાઓની સમાજ સમક્ષ વિસ્તૃત અને વિગતવાર છણાવટ કરવી.

શ્રેષ્ઠ અબોલ જીવ આરોગ્ય માટે વિવિધ પશુચિકિત્સા શાખાઓ, વિભિન્ન એન. જી.ઓ., મોટાભાગની સામાજિક તેમ જ સેવાકીય સંસ્થાઓ વચ્ચે સુમેળ અને સંકલનથી અબોલ જીવ આરોગ્ય અને સારવાર ત્વરિત થઈ શકે એ માટે કાર્યરત થવું.

વર્તમાન પરિસ્થિતિમાં વધી રહેલા પડકારોને જોતાં પશુ ચિકિત્સા દવામાં ભવિષ્યના પડકારો અને તકોની ચર્ચા કરવી. આંધળા વિકાસના કારણે અબોલ જીવોના રહેવાની સમસ્યા વધી રહી છે. જુદા જુદા અબોલ જીવના અસ્તિત્વ સામે ખતરો વધી રહ્યો છે. પ્રાણી કલ્યાણને સતત પ્રોત્સાહિત કરીને પશુચિકિત્સા સંશોધનને આગળ વધારવા માટેના લાંબા ગાળાના આયોજનની જરુરીયાત છે.નવી પ્રગતિઓ/ સંશોધનથી વાકેફ રહીને જે તે શાખાના પશુચિકિત્સકો માટે સતત પ્રશિક્ષણ કાર્યક્રમ યોજવા.

પશુ સ્વાસ્થ્ય માટે મજબૂત ભવિષ્ય સુનિશ્ચિત કરવા માટે પશુચિકિત્સા શિક્ષણ અને સંશોધનમાં રોકાણ વધારવા માટે આહ્વાન કરો.

તાજેતરમાં તામિલનાડુ રાજ્યમાં રાતોરાત 400 એકર જંગલનું નિકંદન કાઢી નાંખવામાં આવેલું જેના કારણે સંખ્યાબંધ પશુઓ, પ્રાણીઓ, પંખીઓ બેઘર બની ગયેલ છે. સંખ્યાબંધ અબોલ જીવ મૃત્યુ પામેલ છે. તામિલનાડુ સરકારે ગાચીબોવલી જંગલમાં પર્યાવરણની કોરા કાળજે જાહેરમાં હત્યા કરી છે. સુપ્રીમ કોર્ટે આ વિનાશ માટે જવાબદારો સામે પગલાં લેવા માટે સખત તાકીદ કરેલ છે. વધુમાં કાપેલા તમામ વૃક્ષો જેટલા વૃક્ષો ફરી વાવવા હુકમ કરેલ છે.




### માંસાહાર પર વૈજ્ઞાનિકોનું સંશોધનઃ

જો કુદરતી આફતો પરના નવા સંશોધનોના પરિણામો પર વિશ્વાસ કરવામાં આવે તો, ભૂકંપ અને પૂર માટે માંસ ખાવાનું વધતું વલણ જવાબદાર છે. આઈન્સ્ટાઈન પાન વેવ્સ થિયરી મુજબ માનવીઓની સ્વાદની લાલસા, ખાસ કરીને માંસ ખાવાની આદતને કારણે દરરોજ માર્યા જતા પ્રાણીઓની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે. અને આ કારણે સાપેક્ષ થિયરી મુજબ કુદરતી આફતો સતત આવે છે અને વધતી જશે. ભારતના ત્રણ ભૌતિકશાસ્ત્રીઓએ રશિયાના સુઝદલમાં ભૂસ્ખલન અને કુદરતી આફતો પર એક પરિષદમાં એક સંશોધન પત્ર રજૂ કર્યો. ડૉ. મદન મોહન બજાજ, ડૉ. ઈબ્રાહિમ અને ડૉ. વિજયરાજ સિંહ દ્વારા વિશ્વભરના 23 થી વધુ વૈજ્ઞાનિકો સાથે તૈયાર કરાયેલા સંશોધન પત્રના આધારે, એવું કહેવામાં આવ્યું હતું કે આઈન્સ્ટાઈન પાન વેવ્સ (EPWs) મુજબ ભારત, જાપાન, નેપાળ, યુનાઈટેડ સ્ટેટ્સ, જોર્ડન, અફઘાનિસ્તાન અને આફ્રિકામાં તાજેતરના 30 મોટા ભૂકંપોનું મુખ્ય કારણ માંસાહાર છે.

આ તરંગો માટે સમજૂતી એ છે કે જ્યારે પ્રાણીઓને કતલખાનામાં કતલ કરવામાં આવે છે, ત્યારે તેમની અસ્પષ્ટ, કર્કશ, વેદનાની અને અપમૃત્યુના દર્દની ચીસો વાતાવરણમાં રહે છે. જ્યાં સુધી તેમનું માંસ, લોહી અને ચામડી સંપૂર્ણપણે નાશ ન પામે ત્યાં સુધી આ કર્કશ અવાજો ભય, રોગ અને ગુસ્સો પેદા કરે છે અને આ દર્દનાક મોતની ચીસો તેમનું માંસ ખાનાર વ્યક્તિઓ તથા સમગ્ર પર્યાવરણ સુધી ફેલાઈ જાય છે. બીજા શબ્દોમાં કહીએ તો, કુદરત પોતાના સંતાનોના આવા દુઃખથી પરેશાન થાય છે. અભ્યાસો દર્શાવે છે કે જ્યારે કુદરત ખૂબ જ ઉશ્કેરાયેલી હોય છે, ત્યારે મનુષ્યો એકબીજા સાથે લડવા લાગે છે, ચીડિયા થઈ જાય છે અને વિવિધ દેશો અને પ્રદેશોમાં રમખાણો ફાટી નીકળે છે. કુદરતી આફતો / આપત્તિઓ જેવી કે ભૂકંપ, વાવાઝોડા, સુનામી, લાવા, જંગલોની આગ, સમુદ્રની મોટી ભરતી ઓટ, ભૂસ્ખલન, જ્વાળામુખીનું ફાટવું, અતિવૃષ્ટિ વિગેરેનું સતત વધતું પ્રમાણ એ આજના માનવીના બેફામ માંસાહાર માટે અબોલ જીવોની કરાતી હત્યા જ છે. ફક્ત સ્વાદ ખાતર નિર્દોષ પ્રાણીઓની હત્યા વિવિધ પ્રકારના આંતરિક તથા બાહ્ય રમખાણોનું કારણ પણ છે. ઘણા બધા કિસ્સાઓમાં આવો માંસાહાર આત્મહત્યાનું કારણ પણ બનતો હોય છે. મોટાભાગના કિસ્સાઓમાં, અજાણ્યા રોગો, હૃદયરોગના હુમલા, અતિશય વરસાદ, દુષ્કાળ, પૂર અને વાયરસ થકી ઉદ્‌ભવતા ગંભીર રોગો માટે આ માંસાહાર જવાબદાર છે. વિશ્વભરના 700 થી વધુ વૈજ્ઞાનિકો અને અસંખ્ય ડોકટરોની એક પરિષદમાં સંમતિ વ્યક્ત કરવામાં આવી હતી કે કુદરત આ અબોલ જીવોના હત્યારાઓને સજા કરવા માટે દંડો લઈને બહાર આવતી નથી. તેનો એક ઠંડો શ્વાસ પણ પૃથ્વીના કરોડરજ્જુને ધ્રુજાવી નાખવા માટે પૂરતો છે.

આજના આધુનિક વિજ્ઞાને સાબિત કર્યું છે કે મૃત્યુ સમયે, પછી ભલે તે પ્રાણી હોય કે માનવ, જો તેને ક્રૂરતાથી અથવા તેના જીવનકાળ પૂર્ણ થાય તે પહેલાં મારી નાખવામાં આવે, તો તેના શરીરમાંથી નીકળતી ચીસો અને રુદન અને તેના સ્પંદનોમાં નીકળતી નકારાત્મક તરંગો સમગ્ર પર્યાવરણને ખરાબ રીતે અસર કરે છે મહત્વની વાત એ છે કે જે વ્યક્તિ તેને ખાય છે તેના પરિવારના સભ્યો વધુ તણાવગ્રસ્ત, દુઃખી અને ભયંકર રોગોથી પીડાય છે. આને કારણે, માનવોમાં અતિશય ગુસ્સો અને હિંસા સાથે જીદ, દુર્વ્યવહાર, ચોરી, બીજાની સંપત્તિ હડપ કરવાની વૃત્તિ વધે છે, જેના કારણે સમગ્ર વિશ્વમાં અત્યાચાર અને પાપો વધી રહ્યા છે.

આફ્રિકાના બે પ્રોફેસરો, જર્મનીના બે, અમેરિકાના બે, એક ભારતીય મદન મોહન અને ચાર જર્મન વૈજ્ઞાનિકો તેમના વડા માર્ક ફીસ્ટેન, ડેવિડ થોમસ, જોનાસ અબ્રાહમ અને ક્રિઓબોન્ડ ફિલિપ સાથે મળીને વીસ વર્ષ સુધી આ વિષય પર સંશોધન કરી રહ્યા છે અને તેમના સંશોધનમાં કહેવામાં આવ્યું છે કે જેટલા વધુ પ્રાણીઓને મારી નાખવામાં આવશે, તેટલી જ વધુ હિંસાથી મારવામાં આવશે, વિશ્વમાં ભૂકંપ, પૂર, કુદરતી આફતો આવશે, વિશ્વમાં સંતુલન વધુ ખોરવાશે અને લોકો નાખુશ, તણાવગ્રસ્ત અને હૃદયરોગના હુમલાથી પીડાશે.

**આવો, આપણે સૌ તા.25 એપ્રિલ, 2026 ના રોજ વિશ્વ પશુચિકિત્સા દિવસ (World Veterinary Day) ઊજવણી અબોલ જીવસેવાના શપથ લઈને કરીએ. કેનેડાના અગ્રગણ્ય ગુજરાતી અઠવાડિક 'ગરવી ગુજરાત' મારફતે આપણે એક જાગૃત નાગરિક / સાહિત્યકાર / વાચક તરીકે જીવનમાં ક્યારેય માંસાહાર ના કરવાના શપથ લઈએ. આપણા સગાસંબંધીઓ તથા મિત્રવર્તુળમાં પણ એ સૌને ક્યારેય માંસાહાર ના કરવાની પ્રતિજ્ઞા લેવડાવીએ. વિશ્વ પશુચિકિત્સા દિવસ નિમિત્તે સહુ સાથે મળીને અબોલ જીવસેવા માટે સંકલ્પ લઈએ અને અબોલ જીવોનું રક્ષણ કરીએ.**


"Honest Deals. Real Results."
Your Trusted Partner
in Every Property (Residentials / Commercials) Journey
Jignesh Patel
REAL ESTATE BROKER
Stop Renting. Start Owning.
Your Dream Home Awaits!
• Personalized Guidance for Buyer & Sellers
• More Than 5+ Years of Experience
• Transparent Service
• Check Reviews on Google & Instagram and Lets get Started!!
Let's Get Started
647-381-1492
realtor@jignesh.ca
5010 Steeles Ave. W., Suite 11A
Toronto ON M9V 5C6
Office: 416-747-97777
Fax: 416-747-7135
realtor@jignesh.ca
HOMELIFE
HIGHER STANDARDS
HomeLife/Miracle
Realty Ltd., Brokerage
Each Office Independently Owned & Operated

# વર્ષીતપ : સંયમ, શ્રદ્ધા અને આત્મજાગૃતિનો મહોત્સવ




લેખક
ડૉ.જયેન્દ્ર કૃષ્ણાલાલ નાયક
(જૈન સંગીતકાર)

વિષ્ણુ પુરાણ અને ભાગવત પુરાણ માં ઋષભ દેવ નો ઉલ્લેખ નારાયણ ના અવતાર ના રૂપમાં મળે છે. ભગવાન વિષ્ણુ એ ઋષભદેવ ના રૂપ માં ૮ મો અવતાર લીધો હતો. ઋષભદેવ મહારાજ નાભી રાજા અને મરુદેવી ના પુત્ર હતા. બંને દ્વારા કરેલા યજ્ઞ થી પ્રસન્ન થઈને ભગવાન વિષ્ણુ સ્વયં પ્રકટ થયા અને એમણે મહારાજ નાભી ને વરદાન આપ્યું કે હું જ તમારી ત્યાં પુત્ર રૂપ માં જન્મ લઈશ.

ભગવાન ઋષભદેવ આદિનાથ તથા કેસરિયા નાથ તરીકે જૈન શાસ્ત્રોમાં પણ પ્રસિદ્ધ છે.તેઓ જૈન ધર્મ ના સંસ્થાપક તરીકે  ઓળખવામાં આવે છે .કૈલાસ પર્વત પર તેમનું નિર્વાણ થયું હતું.

ઋષભ દેવ જૈનો ના પ્રથમ તીર્થંકર છે. સંસ્કૃતમાં ઋષભ નો અર્થ “ઉત્તમોત્તમ” કે “અતિ ઉત્તમ” એવો થાય છે. જૈન ધર્મ અનુસાર ઋષભ દેવ હાલનાં ચાલુ કાળ (અવસર્પિણી કાળ) નાં પ્રથમ તીર્થંકર હતા.તેમનાથી જ જૈન ધર્મ કે શ્રમણ પરંપરાનો પ્રારંભ થયોહોવાનું મનાય છે.તેમનાં જન્મ પૂર્વે જે મનુ થયા છે તેઓ જૈનોના કુલકરો છે. કુલકરોની ક્રમશઃ ‘કુલ’ પરંપરાના સાતમા કુલકર નાભિરાજ અને મરુદેવા માતા ના પુત્ર હતા. ઋષભદેવ સ્વયંભુ મનુથી પાંચમી પેઢીમાં આ ક્રમમાં થયા હતાં- સ્વાયંભુ મનુ, પ્રિયવ્રત, અગ્નીધ્ર, નાભિ અને પછી ઋષભ. આમ જોવા જઈએ તો નાભિરાજથી જ ઈક્ષવાકુ કુળ(વંશ)ની પ્રારંભ થયો તેવું માનવામાં આવે છે.

એક સમયે આદિનાથ પ્રભુનો આત્મા જયારે સંસારી અવસ્થામાં હતો ત્યારે પણ તે કરૂણાથી ભરેલો હતો. આદિનાથ પ્રભુ આ કાળના પ્રથમ રાજા હતા જેમણે પ્રજાને ખેતી કરતાં શીખવાડ્યું. તે પગપાળા ચાલીને જાતે જઇને ખેતી શીખવાડતા. એક દિવસની વાત છે, પ્રભુ ખેતરમાં ફરતા હતા અને તેમણે એક ખેડૂતને બળદને દોરડા વડે મારતા જોયો. આ જોઈને કરૂણાથી ભરેલા શ્રી ઋષભ દેવને મૂંગા બળદો પર દયા આવી અને તે ખેડૂતને પૂછ્યું કે “ભાઈ તું આમ કેમ બળદને મારે છે?” તો પેલા ખેડૂતે જવાબ આપ્યો કે “પ્રભુ આ બળદ જે ખાય છે તેના કરતાં વધુ બગાડે છે.” આથી શ્રી ઋષભ દેવે તે ખેડૂતને બળદના મોઢે “મોસળિયું” બાંધવા કહ્યું. તેમ કરતા ખેડૂતનો પ્રશ્ન હલ થઇ ગયો અને ખેડૂત ખુશ થઇ ગયો. હવે જયારે પ્રભુ પોતે જયારે જમવા બેસે છે ત્યારે તેમને પેલા બળદની યાદ આવી અને



તેમણે પોતાના સેવકને દોડાવી તરત જ પેલા ખેડૂતને હાજર કરવા કહ્યું. ખેડૂતના આવતાં જ પ્રભુ તેને પૂછે છે કે કામ પતી ગયા પછી તેણે બળદોને ખાવાનું આપ્યું કે નહિ? ખેડૂત તે બળદોને ચારો નાખવાનું ભૂલી ગયો હતો અને આમ 13 કલાક બળદો ભૂખ્યા રહ્યા. તે વખતે શ્રી ઋષભદેવને લાભાંતરાય કર્મ બંધાયું અને દીક્ષા લીધા પછી તે ઉદયમાં આવ્યું અને 13 મહિનાના ઉપવાસ કરવા પડ્યા. આ યુગના

પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ ઋષભદેવ ભગવાને સંયમનો સ્વીકાર કર્યો ત્યારે તેઓને છઠ્ઠ - બે ઉપવાસ હતાં.પારણા ને દિવસે પ્રભુ ગોચરી - પાણી માટે નગરમાં નીકળ્યા પરંતુ નગરજનો સાધુની આહાર વિધી - નિયમો થી અજાણ હોવાથી તેઓ પ્રભુ ને હાથી, ઘોડા,હીરા, માણેક, મોતી,વસ્ત્રો ને કોઈ તો સેવામાં પોતાની કન્યાઓને ઋષભ દેવ ને ચરણે સમર્પિત કરવા લાગ્યા પરંતુ  પ્રભુ ને તો નિર્દોષ ગોચરી ગ્રહણ કરવી હતી .પ્રભુ કંઈ પણ ગ્રહણ કર્યા વગર ગામે ગામ વિહાર કરવા લાગ્યા આ ક્રમ  ચારસો દિવસ સુધી ચાલ્યો,છતાં પરમાત્મા ચિત્ત પ્રસન્ન ચિત્તે ભૂખ - તરસ રૂપી ઉપસર્ગો ને સમતાપૂર્વક સહન કરતાં તેર માસ ને નવ દિવસ પછી  વિચરતા-વિચરતા હસ્તિનાપુર નગરી માં પધારે છે .તે વખતે હસ્તિનાપુર ના રાજા બાહુબલી ના પુત્ર સોમ પ્રભ હતા કે જેઓ આદિનાથ ભગવાન ના પૌત્ર હતા.તેમને અને નગરશેઠ સુબુદ્ધિ ને સ્વપ્ન આવ્યું કે  મારા પુત્ર અર્થાત્ પ્રભુ ના પ્રપૌત્ર રાજકુમાર શ્રેયાંસ ને હાથે કોઈ પુણ્યકાર્ય થવાનું છે.આ ઉપરાંત શ્રેયાંસ કુમાર ને સુંદર દેખાયું કે જેમાં તેઓ કોઈ કારણે શ્યામ બનેલાં સોનાના મેરુ પર્વત એણે અમૃત કળશે અભિષેક કરીને ઉજ્જવળ કર્યો છે.વળી સવારે કોઈ ખેડૂતે શેરડીના ૧૦૮ ઘડા  ભેટ ધર્યા.

પધારો  ભગવંત□પધારો□ ગોચરી,પાણીનો લાભ આપો.ઋષભદેવ પ્રભુને નિર્દોષ શેરડીના રસી ભરેલા ઘડામાંથી અહોભાવી ઈક્ષુ રસ વ્હોરાવે છે.પ્રભુ પોતાના કરપાત્ર પારણું કરતાં જ ” અહો દાનમ્□મહા દાનમ્ ” ની ઉદ્‌ઘઘોષણા થાય છે તેમજ પંચ  દિવ્ય ધ્વનિ પ્રગટ થાય છે.

પ્રભુએ કર રૂપી પાત્ર ધર્યું અને એ અનંત કર પાત્ર માં એક પછી એક ૧૦૮ શેરડી ના રસ ના ઘડા ઠાલવ્યાં એ સમયે એ કર પાત્ર જાણે અફાટ મહાસાગર  બની ગયું.બધા જ ઘડા કર પાત્ર માં સમાઈ ગયા એટલે શ્રેયાંસ કુમાર ના ચિત્ત પાત્રમાં એટલો હર્ષ વ્યાપી ગયો કે અંતે ઘડો માથે મૂકીને હર્ષ નૃત્ય કર્યું.

આમ પ્રભને પારણું કરાવીને શ્રેયાંસે દેવોને દુર્લભ પ્રભુને દાન દીધું તો તેના બદલામાં પ્રભુ એ શ્રેયાંસ કુમાર ને દેવો ને દુર્લભ એવું મુક્તિદાન આપ્યુંપ્રભુ આદિના ઋષભદેવના પારણાનો દિવસ એટલે વૈશાખ સુદ ત્રીજ.(અખા ત્રીજ). જે અક્ષય તૃતીયા તરીકે ઓળખવામાં આવે છે આ તપને સંવત્સર તપ પણ કહે છે.

વર્ષી તપ ની આરાધનાઃ- તપના બાર પ્રકાર છે.તેમા છ આભ્યંતર અને છ બાહ્ય.તેમાં વર્ષી તપની બાહ્ય તપમાં ગણના થાય છે.વર્ષી તપ એ ૪૦૦ દિવસ સુધી કરવામાં આવતું વિશિષ્ટ તપ  છે.વરસીતપના તપસ્વીઓ શ્રાવક - શ્રાવિકા પરમ ઉપકારી પૂ.સાધુ - સાધ્વીજીઓના શ્રી મુખે ફાગણ વદ આઠમના તપના પચ્ચખાણ અંગીકાર કરી તપ ના મંડાણ કરે છે અને વૈશાખ સુદ ત્રીજ એટલે કે અક્ષય તૃતીયાના દિવસે  તપની પૂર્ણાહૂતિ થાય છે.

*વર્ષી તપ ની આરાધના કરનાર તપસ્વી ભાઈ બહેનો એક ઉપવાસ અને એક બિયાસણુ કરીને એક વર્ષ અને ચાલીસ દિવસ સુધી આરાધના કરે છે આ ક્રમ માં દર ચૌદસ નો ઉપવાસ ફરજિયાત છે ઉપવાસ ના ક્રમમાં તેરસે ઉપવાસ આવી જાય તો પણ ચૌદસે પણ બિયાસણું પણ ન થઈ શકે.હતો.જૈનશાસ્ત્ર માં તપને અનેરૂ અને આગવું મહત્વ આપવામાં આવ્યું છે.ઉત્તરાધ્યયન સૂત્રમાં “તપો માર્ગ ” નામનું એક આખું અધ્યયન આપેલું છે તેમાં કહ્યું છે

“ભવકોડી સંચિયં (કમમ્)કમમં ‘
તવ સા  નિજજરિજજઈ” અર્થાત્ કરોડો ભવોનાં બાંધેલાં અનંતા કર્મો ની તપથી ક્ષય અને નિર્જરા થાય છે.

એક જિજ્ઞાસુ સાધક નો ઉત્તર આપતા પ્રભુ કહે છે કે

“ સંયમેણ તવ સા, ભાવ માણે વિહરઈ “. અર્થાત્ હે!ભવ્ય આત્માઓ ! સંયમ અને તપમાં તમારા આત્માને જોડી દેજો...

જૈન શાસ્ત્રકારો ની એવી માન્યતા છે કે શુદ્ધ મનથી જો વર્ષી તપ ની આરાધના કરનારા આરાધકો નું શરીર દૈવી તત્વો થી અલંકૃત બનતા તેમના દુઃખદર્દો નો નાશ થાય છે..

આખા વર્ષ દરમ્યાન વર્ષી તપ ની આરાધના કરી અખાત્રીજ ના દિવસે જિનમંદિર માં આદિનાથ ભગવાન ને શેરડીના રસથી પ્રક્ષાલ પૂજા આદિ વિધિવિધાન કરવા પૂર્વે શેરડી ના રસથી પારણું કરી અખાત્રીજ ના ધાર્મિક પર્વ ની ઉજવણી થાય છે.

વરસી તપ ના પારણાં પ્રસંગે ગુજરાત માં સુપ્રસિદ્ધ જૈન તીર્થ  પાલીતાણા માં મેળો ભરાય છે.હજારોની સંખ્યામાં ભાવિક ભકતો ઉમટી પડે છે. તો વળી હસ્તિનાપુર માં પણ સમૂહ માં પારણાં નો  ઉત્સવ ઉજવાય છે.

મારા આ વર્ષી તપ ના ધાર્મિક લેખની  પૂર્ણાહુતિ શ્રી વીરવિજય કૃત અંતરાય કર્મ નિવારણ ની પૂજા  ની સુંદર ઢાળ થી કરીશ.

“આદિશ્વર સાહેબ રે સંયમ ભાવ ઘરે

વર્ષી તપ પારણું રે રાજા શ્રેયાંસ રાય ધરે...મન મંદિર આવો રે. “

MORTGAGE ARCHITECTS®

# Weekly Mortgage Update (13-April-2026)

- Rates remained stable last week despite bond yield fluctuations
- Inflation trending lower (last reported 2.3%) supporting rate outlook
- CMHC continues to show slow housing supply growth
- Ontario HST rebate remains a big opportunity (up to $130K on new homes)

## Best Rates:

| Insured | Conventional |
| --- | --- |
| 5Y Variable: **3.44%** | 3Y Fixed: **3.89%** |
| 3Y Fixed: **3.79%** | 5Y Variable: **3.65%** |

Rates vary based on individual circumstances, property type, and qualification details. Please reach out for a personalized quote.

# YourMortgagePoint

Wide Range of Mortgage Options Available

- Residential
- Commercial
- Business Loan

- Purchase
- New To Canada
- Self Employed
- High Networth
- Student Rental

- Refinance
- First Time Home Buyers
- Business For Self
- 1st & 2nd Mortgage
- Medical Professionals

Let's Talk! Your FREE consultation awaits



**Dhavalkumar Patel**
Mortgage Broker

Call Today - 647-893-1311

MORTGAGE ARCHITECTS
#12728

@yourmortgagepoint

dhavalkumar.patel@mtgarc.ca


GUJARAT NEWSLINE
IN ASSOCIATION WITH
REALBIZ Realty Inc. BROKERAGE Independently Owned and Operated
BUILDERS PLATINUM BROKER 2016-2025
MAINESH PATEL
BROKER OF RECORD
416-735-7808
realtormainesh@gmail.com
realbizrealty.com
realbizrealty.com/maineshpatel
LALIT SONI
ORGANIZER
PROUDLY PRESENTS
A live musical concert
Dil Mein Ho Tum
(Hits of Bappi Lahiri - Disco King)
MC - SRIJEET
HEMNISH
Instrument Performer
SUNIEL
DISHA
JAY
TICKETS
REGULAR $20
VIP $30
VVIP $50
(GROUP DISCOUNTS AVAILABLE)
CASH FOOD STALLS AVAILABLE
DATE : SATURDAY, MAY 09, 2026 @ 7.00 PM ONWARDS...
VENUE : Don Bosco Secondary School Auditorium (Dante Alighieri)
2, St. Andrews Blvd., Etobicoke, ON, M9R 1V8 (Major Intersection : Islington / Hwy 401)
FOR SPONSORSHIPS & TICKETS CALL :
LALIT SONI 647 400 6248
ANJALI 905 239 6506
TICKETS ALSO AVAILABLE ON
Sulekha eventbrite allevents

# ઘરનો જીવ



લેખક
નિર્મળાબેન દરજી
કેનેડા

**કહેવાય છે કે "દિવાલોથી ઘર બને છે, પણ સ્ત્રીની હાજરીથી તે 'ગૃહ' બને છે." સ્ત્રીની હાજરી એ ઘરમાં સૌથી મોટું બ્લેસિંગ છે.**

જીવનના કેલેન્ડરના પાનાં ફાટતા જાય, એમ એમ સ્ત્રીનું દેહ પણ ઘસાતું જાય છે. એક જમાનો હતો જ્યારે એ ઘરની 'ઓલરાઉન્ડર' હતી. સવારે પાંચ વાગ્યે પથારીમાંથી ઉઠે ત્યારથી રાત્રે સૌના સૂઈ ગયા પછી રસોડાનું છેલ્લું વાસણ સાફ કરે ત્યાં સુધી એના યંત્રમાં જાણે વરાળિયું એન્જિન જોડાયેલું હતું...!

બાળકોના લંચ બોક્સ, પતિના ઈસ્ત્રી કરેલા કપડાં, રૂમાલ, ઘડિયાળ, મહેમાનોની સરભરા, ઘરના બીજા અનેક કામો તે હસતા ચહેરે કરી લેતી. પણ, હવે સમય બદલાયો છે. બાળકો હવે 'યુવાન' થઈ ગયા છે. પેલા નાનકડા પંખીઓ હવે આકાશમાં ઊંચે ઉડાન ભરી રહ્યા છે. પણ આ ઉડાન તૈયાર કરવામાં જે માળો ગૂંથાયું હતું, એ માળાની મુખ્ય કારીગર - એટલે કે 'મા' હવે થાકી છે. જે સ્ત્રી એક સમયે દસ માણસોની રસોઈ ચપટી વગાડતાં જ કરી દેતી, આજે એને લોટ બાંધતા પણ હાથના સાંધામાં કળતર થાય છે. જે ડાઈનિંગ ટેબલ પર આખા ઘરને પીરસતી, આજે ત્યાં બેસતાં એની કમર 'કડકડ' અવાજ કરે છે.

જે હાથોએ હજારો રોટલીઓ વણીને પરિવારને ખવડાવી તેમના સપનાઓને આકાર આપ્યો છે, આજે એ જ હાથોની આંગળીઓ કદાચ ધ્રૂજતી હશે. એ સ્ત્રી માટે રસોડું એ માત્ર ચાર દીવાલો નથી પણ એનું એક અજય સામ્રાજ્ય હતું. પણ હવે જ્યારે એ ગેસના ચૂલા પાસે ઉભી રહે છે, ત્યારે વરાળના ગરમાવા કરતા એને પોતાના અસ્તિત્વનો થાક વધારે લાગે છે. આપણે સમજવું પડશે કે સ્ત્રી ક્યારેય નકામી નથી હોતી, એ તો માત્ર થાકેલી હોય છે. એનાં સ્મરણોમાં હજુ પણ એ જુવાનીની દોડધામ જીવતી હોય છે પણ એનો દેહ હવે રજા માંગે છે. જેમ જૂના વડલાના પાન ખરી જાય પણ એનો છાંયો ઘટાદાર જ રહે, એમ ભલે એ રસોઈ ન કરી શકે, પણ એની હાજરીની હૂંફ આખા ઘરના તાપમાનને હૂંફાળું રાખે છે. એના કરચલીવાળા હાથમાં જે આશીર્વાદની તાકાત છે એ દુનિયાના કોઈપણ ફાઈવ-સ્ટાર હોટલના શેફના સ્વાદમાં ક્યારેય હોતી નથી.

આ કોઈ દયનીય સ્થિતિ નથી આ તો કુદરતનો નિયમ છે. લોખંડને પણ કાટ લાગે, તો આ તો હાડ-માંસનું માનવ શરીર છે! એને તો થાક લાગે જ. જે સ્ત્રીએ પોતાની આખી જુવાની જીભના ચેટ ઠારવામાં અને પોતાના ઘરને ચમકાવવામાં ખર્ચી નાખી છે, એને હવે "રિટાયરમેન્ટ"નો પૂરો હક છે. જ્યારે 'મા' કહે કે "આજે રસોઈ બનાવવાની ઈચ્છા નથી." એનો અર્થ આળસ નથી, પણ એના થાકેલા સ્નાયુઓનો આર્તનાદ હોય છે. હવે એને દૂધની થેલી કે શાકભાજી લેવા જવાનું ન હોય, એને તો હવે હીંચકે બેસીને મનગમતું પુસ્તક વાંચવાનો કે સંગીત સાંભળવાનો હક્ક મળવો જોઈએ.

આપણે ત્યાં સ્ત્રીને હંમેશા 'ત્યાગની મૂર્તિ' કહીને એની પાસે અપેક્ષાઓના પહાડ ખડકી દેવામાં આવે છે. પણ એ વિચાર્યું કે મૂર્તિને પણ સમયે સમયે અભિષેક અને સંભાળની જરૂર હોય છે. જે 'મા'એ તમને આંગળી પકડીને ચાલતા શીખવ્યું એ 'મા'ને આજે ચાલવામાં ટેકાની જરૂર છે. 'જનરેશન ગેપ' ના બહાના હેઠળ એને એકલી ના પાડી દેવાય. યુવાન સંતાનોએ એ સમજવાની ખાસ જરૂર છે. મમ્મીના ઘૂંટણનો કે કમરનો દુઃખાવો એ માત્ર મેડિકલ રિપોર્ટનો આંકડો નથી પણ એણે આખી જિંદગી તમારી પાછળ કરેલી દોડધામનું 'ઈન્વોઈસ' છે! હવે એની પાસે રસોઈની જીદ રાખવાને બદલે, એની પાસે બેસીને એના જમાનાની વાતો સાંભળવાનો સમય છે. એને હવે પીરસવાની જરૂર નથી, એને હવે પ્રેમથી 'પીરસાવાની' જરૂર છે. જીવનના આ ઢળતા સૂરજે જો સંતાનોનો સાથ મળે, તો એ સંધ્યા પણ કોઈ નવી સવાર કરતાં ઓછી મનમોહક નથી હોતી.

યુવાન થયેલા બાળકોએ હવે એ સ્વીકારવું પડશે કે મમ્મી હવે 'સુપરવુમન' કોસ્ટ્યુમમાંથી બહાર આવી ગઈ છે. હવે એને તમારી સેવાની નહીં પણ સમજદારીની જરૂર છે. જે ઘરના ઉંબરા એણે આખી જિંદગી સાચવ્યા છે, એ ઉંબરે હવે એને હારવાની જરૂર નથી. સ્ત્રી જ્યારે વૃદ્ધ થાય અને બાળકો યુવાન થાય ત્યારે ઘરની લગામ ભલે બદલાય, પણ ઘરનો પ્રેમ અને આદર અકબંધ રહેવા જોઈએ. એના ચહેરા પરનું સ્મિત કોઈપણ સંજોગોમાં કરમાવું ન જોઈએ.

કારણકે, ઘર માત્ર દીવાલોથી નથી બનતું, એ તો સ્ત્રીની હાજરીની સુગંધથી, પ્રેમથી, હૂંફથી બને છે. માટે તો સ્ત્રી એ 'ઘરનો જીવ' કહેવાય છે.




Let's Grow Together
IFA CANADA
Indian Family Association of Canada
A Journey From I To We
Malhaar entertainment Inc
પ્રસ્તુત
In association with
Indian Family Association of Canada
સહયોગ
Hindu Community Centre of Durham
Malhaar Entertainment
$15
Per Person
EarlyBird
$12 till
April 25th
ગુજરાત તને વંદન
Light
Dinner
included
ગુજરાત સ્થાપના દિવસ નિમિત્તે
ગુજરાતી ગીત, લોકગીત અને ભજન નો કાર્યક્રમ
DATE:2MAY2026,SATURDAY
TIME :6PM TO 10 PM
Light Dinner : 6 pm to 7 pm
AJAX HIGH SCHOOL,
105 BAYLY ST E, AJAX,
ON L1S 1P2
સ્પોન્સરશીપ અને ટીકીટ માટે સંપર્ક કરો : Jitendra Joshi: 647 864 3909
942 388 3909, 647 895 3909,
Jayesh Brahmbhatt :647 207 1155 , Pathik Shukla : 4169880850
Mukesh Mishra : 905 429 1752
You can e-transfer for ticket : jitendrakumar.joshi@gmail.com
All donations will go to a charitable cause
NANDISH TECHNOLOGIES INC
Priyank Lakhia
OUR PRODUCTS
OUR SERVICES
LED MARKET
OUR PRODUCTS
info@nandishtechnologies.com
www.nandishtechnologies.com
647-925-1800
sales@ledmarket.ca
www.ledmarket.ca
Unit 7, 83 Dynamic Drive Toronto, ON M1V 4C9 Canada
Malhaar Entertainment
KIRTIDA KITCHEN
Dine-in & Take-Out
Traditional Indian Kitchen
Pabitra Ghosh
SALES REPRESENTATIVE
647 864 3033
pabitra@royallepage.ca
www.pabitraghosh.com
ROYAL LEPAGE Signature
RMi Sound and DJ
OUR SERVICES
Sound system - Navratri, Diwali, Holi, and other events
Live and Karaoke singing (Bollywood Songs)
DJ - Birthday Parties, Baby Shower, Weddings
Rakesh Mishra
416-839-7656

# હનુમાન જયંતિ નિમિત્તે વડતાલધામ સ્વામિનારાયણ હિન્દૂ મંદિર ટોરોન્ટોમાં ભવ્ય સુંદરકાંડ પાઠ: ભક્તિ અને એકતાનો યાદગાર મહોત્સવ













હનુમાન જયંતિના પાવન અવસરે વડતાલધામ શ્રી સ્વામિનારાયણ મંદિર, ટોરોન્ટો ખાતે અદભૂત અને ભાવભર્યો સુંદરકાંડ પાઠનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ટોરોન્ટો અને આસપાસના વિસ્તારોમાંથી અનેક ભક્તજનો ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા અને સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

કાર્યક્રમની શરૂઆત હનુમાનજીના સ્મરણ અને પૂજન સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ શ્રી દીપકભાઈ વ્યાસ અને તેમની ટીમ દ્વારા સુંદરકાંડનું ગાન અને પાઠ ખૂબ જ ભાવપૂર્વક કરવામાં આવ્યું. તેમની મધુર વાણી અને શ્રદ્ધાભર્યા પાઠથી ઉપસ્થિત ભક્તો મંત્રમુગ્ધ બની ગયા હતા. સમગ્ર હોલમાં “જય શ્રી રામ” અને “જય હનુમાન”ના જયઘોષ સાથે આધ્યાત્મિક ઊર્જાનો અદભૂત અનુભવ થયો.

હનુમાન જયંતિના નિમિત્તે અનેક યજમાનો દ્વારા વિશેષ પૂજામાં ભાગ લેવામાં આવ્યો હતો. ભક્તોએ શ્રદ્ધા અને ભક્તિભાવથી હનુમાનજીની આરાધના કરી અને જીવનમાં શક્તિ, ભક્તિ અને સંકટમોચન કૃપા પ્રાપ્ત કરવાની પ્રાર્થના કરી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તિભાવથી ભરપૂર વાતાવરણ જોવા મળ્યું, જે દરેકના હૃદયને સ્પર્શી ગયું.

આ પ્રસંગે વિશેષ અતિથિ તરીકે ટોરોન્ટોના પ્રખ્યાત સમાચારપત્ર “ગુજરાત નો રણકાર”ના એડિટર-ઈન-ચીફ તેમજ NYGC ગ્રુપના પ્રમુખ પ્રગ્નેશ પટેલ હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન મંદિરની એક્ઝિક્યુટિવ કમિટી સભ્યો ધવલ સોની, અજેન્દ્ર પટેલ અને વિપુલ પટેલ દ્વારા શ્રી દીપકભાઈ વ્યાસ અને તેમની ટીમનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માનથી તેમની સેવા અને સમર્પણની કદર વ્યક્ત કરવામાં આવી.

કાર્યક્રમના અંતે મંદિરના પ્રમુખ ધવલ સોનીએ પ્રેરણાદાયી સમાપન ભાષણ આપ્યું. તેમણે સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે આયોજકો, સેવાભાવી સ્વયંસેવકો અને ઉપસ્થિત તમામ ભક્તજનોનો દિલથી આભાર માન્યો. તેમણે જણાવ્યું કે આવા ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો સમાજને એકતામાં બાંધે છે અને નવી પેઢીને સનાતન મૂલ્યો સાથે જોડે છે.

સમારોહના અંતિમ તબક્કામાં આરતી અને વિશેષ પૂજાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં સૌએ ભક્તિપૂર્વક ભાગ લીધો. ત્યારબાદ ઉપસ્થિત તમામ માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેને સૌએ આનંદપૂર્વક ગ્રહણ કર્યો.આ સમગ્ર કાર્યક્રમ માત્ર એક ધાર્મિક વિધિ ન રહી, પરંતુ સમગ્ર સમાજને એકત્રિત કરી ભક્તિ, એકતા અને આધ્યાત્મિકતા તરફ પ્રેરિત કરતો એક યાદગાર પ્રસંગ બની રહ્યો.

# બેલવિલેમાં BAPS શ્રી સ્વામિનારાયણ મંદિરનું ‘પ્રસાદ પ્રવેશ’ સમારોહ યોજાયો



## BAPS: વ્યક્તિગત વિકાસથી વૈશ્વિક કલ્યાણ સુધીની આધ્યાત્મિક યાત્રા

BAPS એક આધ્યાત્મિક અને સ્વયંસેવક આધારિત સંસ્થા છે, જે વ્યક્તિગત વિકાસ દ્વારા સમાજના કલ્યાણ માટે કાર્યરત છે. શ્રદ્ધા, સેવા અને વૈશ્વિક સૌહાર્દના મૂલ્યોને પ્રોત્સાહિત કરતી આ સંસ્થા ઉત્તર અમેરિકાના 100થી વધુ કેન્દ્રો અને વિશ્વભરના 5,000થી વધુ કેન્દ્રો દ્વારા ભારતીય પરંપરા અને હિંદુ સંસ્કૃતિના મૂલ્યોનું સંવર્ધન કરતી સાથે આધ્યાત્મિક, નૈતિક અને સામાજિક પડકારોને પહોંચી વળવા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના માર્ગદર્શન હેઠળ સંસ્થા આધ્યાત્મિક સમાનતા, સામાજિક સુધારણા અને સર્વસમાવેશક વિકાસ માટે કાર્યરત છે.















કેનેડાના બેલવિલે શહેરમાં સ્થિત BAPS શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે રવિવાર, 5 એપ્રિલ 2026ના રોજ નવા પરિસરમાં પ્રથમ વિધિવત પ્રવેશના અવસર પર ‘પ્રસાદ પ્રવેશ’ સમારોહ ભવ્ય રીતે યોજાયો હતો. આ પવિત્ર પ્રસંગ સાથે વિસ્તારમાં વસતા વધતા હિંદુ સમાજ માટે એક નવા આધ્યાત્મિક અધ્યાયની શરૂઆત થઈ છે.

‘પ્રસાદ પ્રવેશ’ સમારોહ એક પવિત્ર અને શુભ અવસર માનવામાં આવે છે, જેમાં સમાજના સભ્યો એકત્રિત થઈ નવા સ્થળને પવિત્ર બનાવતા પ્રાર્થના કરે છે અને શાંતિ, સકારાત્મકતા તેમજ આધ્યાત્મિક સુખાકારી માટે આશીર્વાદ માંગે છે. આ કાર્યક્રમ માત્ર આધ્યાત્મિક માઈલસ્ટોન જ નહીં, પરંતુ સેવા, સંસ્કૃતિ અને શ્રદ્ધા પ્રત્યે સમાજની અડગ પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ પણ છે.

વર્ષ 1988માં પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજે બેલવિલે શહેરની મુલાકાત લીધી હતી, જે એક ઐતિહાસિક પ્રસંગ રહ્યો હતો. આ મુલાકાતે સ્થાનિક સમાજના વિકાસને પ્રેરણા આપી અને છેલ્લા અનેક દાયકાઓથી આધ્યાત્મિક, સાંસ્કૃતિક તથા સામાજિક પ્રવૃત્તિઓ માટે મજબૂત પાયો પુરો પાડ્યો હતો.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના માર્ગદર્શન હેઠળ BAPSના સ્વયંસેવકો બેલવિલે વિસ્તારમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે જોડાયેલા છે. તેમાં નિયમિત આધ્યાત્મિક સભાઓ, યુવકો અને બાળકોના વ્યક્તિત્વ વિકાસ કાર્યક્રમો સહિત અનેક પહેલોનો સમાવેશ થાય છે.

આ સમારોહમાં સ્થાનિક સમાજના અગ્રણીઓ ઉપરાંત બેલવિલે શહેરના મેયર નીલ એલિસ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ઉપસ્થિત જનસમૂહને સંબોધતા BAPS સંસ્થાના વિસ્તારમાં રહેલા સકારાત્મક યોગદાનની પ્રશંસા કરી હતી.

બેલવિલેનું BAPS શ્રી સ્વામિનારાયણ મંદિર, ટોરોન્ટોમાં આવેલ કેનેડાનું પ્રથમ પરંપરાગત હસ્તકલાકૃતિથી નિર્મિત હિંદુ મંદિર સહિત વિશ્વભરના BAPSના વિશાળ નેટવર્કનો એક મહત્વપૂર્ણ ભાગ છે.

નવું મંદિર તમામ વયજૂથના લોકો માટે આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને સામાજિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનશે. અહીં બાળકો અને યુવાનો માટેના વિકાસ કાર્યક્રમો, ભાષા શિક્ષણ વર્ગો અને પરંપરાગત સંગીત તાલીમ જેવી પ્રવૃત્તિઓ યોજાશે, જેના માધ્યમથી હિંદુ પરંપરા, વારસો અને મૂલ્યોનું સંરક્ષણ અને સંવર્ધન થશે. સાથે સાથે મંદિર સર્વધર્મ સમભાવ અને સૌહાર્દના કેન્દ્ર તરીકે તમામ પૃષ્ઠભૂમિના લોકોને હિંદુ સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાનો અનુભવ કરવાની તક પણ પૂરી પાડશે. ઉપરાંત, સામાજિક સેવા અને ચેરિટેબલ પ્રવૃત્તિઓ માટે પણ આ મંદિર એક મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે કાર્ય કરશે.

આ ‘પ્રસાદ પ્રવેશ’ સમારોહ માત્ર નવા મંદિરના પ્રારંભનું પ્રતીક જ નથી, પરંતુ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી બેલવિલે અને આસપાસના વિસ્તારમાં એકતા, સેવા અને આધ્યાત્મિક સુખાકારીને વધુ મજબૂત બનાવવાની સતત પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ પણ છે.

તમારા સપનાના ડેસ્ટિનેશનને વાસ્તવમાં સાકાર કરવાની તક લઈને આવી રહ્યું છે. બેસ્ટ વોયેજ પ્રા. લિ તો ચાલો જલસા કરવા.... ગુજરાતી માહોલ માં ગુજરાતી ટૂર મેનેજર સાથે.

IATA

Best Voyage Pvt. Ltd.

CELEBRATING 25th ANNIVERSARY

scan me
અમારા તમામ પેકેજો જાણવા માટે અહીંયા સ્કેન કરો

ગુજરાત ની પ્રતિષ્ઠિત અને સફળ ટ્રાવેલ કંપની, આપના માટે લઈ ને આવી રહ્યું છે....

## Winter 2025 -26 PACKAGE

- ઓસ્ટ્રેલિયા વિથ ન્યુઝીલેન્ડ — 17 રાત્રિ - 18 દિવસ — 21 જાન્યુઆરી, 17 ફેબ્રુઆરી, 11 માર્ચ
- ઓસ્ટ્રેલિયા — 11 રાત્રિ - 12 દિવસ — 20 જાન્યુઆરી 6 ,16 ફેબ્રુઆરી, 17 માર્ચ
- ન્યુઝીલેન્ડ — 11 રાત્રિ - 12 દિવસ — 19 જાન્યુઆરી 15 ફેબ્રુઆરી, 06 માર્ચ
- સિંગાપોર મલેશીયા & ક્રુઝ — 08 રાત્રિ - 09 દિવસ — 29 જાન્યુઆરી, 03 માર્ચ
- સિંગાપોર મલેશીયા & ક્રુઝ — 09 રાત્રિ - 10 દિવસ — 19 ફેબ્રુઆરી
- સાઉથ આફ્રિકા — 10 રાત્રિ - 11 દિવસ — 18,જાન્યુઆરી 20 ફેબ્રુઆરી 22 માર્ચ
- અઝરબૈજાન — 06 રાત્રિ - 07 દિવસ — 15 ડિસેમ્બર, 21 જાન્યુઆરી 10 ફેબ્રુઆરી, 05 માર્ચ
- વિયેતનામ વિથ ફુકોક — 09 રાત્રિ - 10 દિવસ — 20 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી, 03 માર્ચ
- વરસેટાઇલ વિયેતનામ — 08 રાત્રિ - 09 દિવસ — 20 ફેબ્રુઆરી 02 માર્ચ
- શ્રીલંકા — 07 રાત્રિ - 08 દિવસ — 14 ડિસેમ્બર, 05 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી, 05 માર્ચ
- બાલી — 06 રાત્રિ - 07 દિવસ — 12 ડિસેમ્બર 04 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી 05 માર્ચ
- આઈસલેન્ડ — 09 રાત્રિ - 10 દિવસ — 01 માર્ચ

## Summer 2026 PACKAGE

- ચેરી બ્લોસમ જાપાન — 09 રાત્રિ - 10 દિવસ — 22, 27, 30 માર્ચ
- જાપાન વિથ અલ્પાઈન રુટ — 10 રાત્રિ - 11 દિવસ — 19,29 મે 10,22 જૂન
- સાઉથ આફ્રિકા — 10 રાત્રિ - 11 દિવસ 10 ,16 મે | 11 રાત્રિ - 12 દિવસ 26 એપ્રિલ 03, 07, 31 મે | 13 રાત્રિ - 14 દિવસ 14, 28 મે
- ઓસ્ટ્રેલિયા — 11 રાત્રિ - 12 દિવસ — 04 એપ્રિલ 02 ,15,28 મે
- ન્યુઝીલેન્ડ — 12 રાત્રિ - 13 દિવસ — 01 એપ્રિલ 03, 07, 22 મે
- વેસ્ટ & ઈસ્ટ અમેરિકા — 12 રાત્રિ 13 દિવસ — 22 એપ્રિલ 06,20 મે 03,17 જૂન 01,22 જુલાઈ 19 ઓગસ્ટ 16 સપ્ટેમ્બર, 09 નવેમ્બર
- અમેરિકન વંડર — 19 રાત્રિ - 20 દિવસ — 30 એપ્રિલ 21 મે 11 જૂન 02 જુલાઈ, 13 ઓગસ્ટ
- અમેરિકન ડિસ્કવરી — 23 રાત્રિ - 24 દિવસ — 05,26 મે 16 જૂન 07 જુલાઈ, 04 ઓગસ્ટ
- અમેઝિંગ અમેરિકા — 15 રાત્રિ - 16 દિવસ — 06, 27 મે 10 જૂન 01 જુલાઈ
- કેનેડિયન રોકીસ — 09 રાત્રિ - 10 દિવસ — 14,21,28 મે 05,11,25 જૂન 09 જુલાઈ, 13 ઓગસ્ટ
- બાલી — 06 રાત્રિ - 07 દિવસ — 24, 30 એપ્રિલ 08, 14 મે 18 જૂન
- યુરોપ યાત્રા — 18 રાત્રિ - 19 દિવસ — 09,28 મે 15 જૂન 13 ઓગસ્ટ
- યુનિક યુરોપ — 15 રાત્રિ - 16 દિવસ — 26 મે 15 જૂન 13 જુલાઈ
- યુરોપીઅન ડ્રીમ્સ — 12 રાત્રિ - 13 દિવસ — 03,08,17, 25 મે 06 જૂન 14 જુલાઈ, 11 ઓગસ્ટ
- સિનિક સ્કેન્ડીનેવીયા — 12 રાત્રિ - 13 દિવસ — 28 મે 11 જૂન 26 સપ્ટેમ્બર
- યુકે વિથ આયર્લેન્ડ — 10 રાત્રિ - 11 દિવસ — 14 મે 15 જુલાઈ
- પેનોરમિક યુરોપ — 09 રાત્રિ - 10 દિવસ — 21 મે 21 જૂન
- ડિસકવર ઓસ્ટ્રેલિયા — 12 રાત્રિ - 13 દિવસ — 30 એપ્રિલ

યુરોપ તથા અન્ય અન્ય ટુરની માહિતી જાણવા માટે સંપર્ક કરો +91 99989 77746 / +91 95864 11313

**હેડ ઓફિસ** એસએફ ૧-૨/૧૦૧-૦૩, અનહિલ કોમ્પ્લેક્સ,સિટી સેન્ટર ની પાછળ, સ્વસ્તિક ક્રોસ રોડ, સી.જી. રોડ અમદાવાદ-૩૮૦૦૦૯, ગુજરાત

**બ્રાંચ ઓફિસ** નિકોલ ( અમદાવાદ ) - આણંદ - મહેસાણા - સુરત - બરોડા - રાજકોટ જામનગર - ગાંધીનગર - કલોલ








Certificate of Recognition

Presented to

SOUTHLAKE SENIORS CLUB

On behalf of Members of Brampton City Council, we extend our sincere appreciation to the Southlake Seniors Club Canada Foundation for hosting their monthly meeting on **April11, 2026**.

Your leadership in bridging cultural traditions and social connection is instrumental in reducing isolation and enhancing the well-being of our seniors. Thank you for your dedication to creating an inclusive environment and for your continued contribution to a vibrant, connected Brampton.

Mayor
Patrick Brown

Regional Councillor
Rowena Santos
Brampton Wards 1 & 5

CITY OF BRAMPTON

BRAMPTON





પહેલા પાનનું ચાલુ...

કાઉન્સિલર પોલ વિસેન્ટે કાર્યક્રમ ની પ્રગતિ માટે અભિનંદન પાઠવેલ. ગુરબકસ માલ્હી એ અભિનંદન આપતા જણાવેલ કે આ ગૃપ બ્રમપટોન માં અદ્વિતી સંગઠન તરીકે ઉભરી રહ્યુ છે. કાઉન્સિલર રોવેના સેન્ટતોષ આ કાર્યક્રમ માં ઉપસ્થિત રહી આનંદ માણ્યો હતો અને સર્વે ને આવા સંગઠન થકી માનસીક તણાવ હળવા રહે તેવી ભાવના વ્યક્ત કરેલ.

મનોરંજન કાર્યક્રમની શરૂઆત ભજન - કીર્તન થી કરવા માં આવી. હિન્દી ફિલ્મ ના ગીતો હર્ષા ભટ્ટ, અનિલ ભાવસાર, ભાનુ મિસ્ત્રી, નરેન્દ્ર શાહ, હરિશ અમિન, કિર્તી ભવસાર, મુકેશ શાહ, ઈશ્વર પટેલ, શશીકાંત ઓઝા અને અરૂણ દવે એ પોતાનાં કંઠ થી કે કેરિઓકે ની મદદ થી સંભળાવી સર્વેને મંત્રમુગ્ધ બનાવ્યા હતા. આવા ગીતો ભોજન દરમ્યાન પણ આ વરિષ્ઠ નાગરિકો દ્વારા ગુંજતા રહ્યા હતા.

અરૂણ ભટ્ટ અને વર્ષા શાહ દ્વારા ફિલ્મ ગીત આધારિત નૃત્ય રજુ થયુ. બોલે ચૂડીયા, બોલે અંગના ફિલ્મ ગીત આધારિત આબેહૂબ નૃત્ય નિમા અમિને રજુ કરી સર્વેને તાળીઓના ગડગડાટ સાથે પ્રોત્સાહિત કરવા મજબૂર



કર્યા હતા. ઈશારો કો અગર સમજો, રાજકો રાજ રેહને દો નામની કવાલી રેહાના, બિપીન, રજની, અલકા, હર્ષા, હેમા, મિતા, કિરીટ, સજ્જનસિંહ અને વિઠ્ઠલભાઈના વૃંદ દ્વારા રજુ થયેલ જે બધાને આનંદ અપાવી ગઈ હતી. આ જ વૃંદ દ્વારા ભાંગડા નૃત્ય પણ રજુ થયેલ. બિપીન અને રજની પંચાલે કેરિઓકે અને સેક્સઓફોન દ્વારા નૃત્ય રજુ કરી સર્વેના હૃદય જીતી લીધા હતા.

ગુજરાતનો રણકારમાંથી ઉપસ્થિત પ્રજ્ઞેશ પટેલ ઘણી સંસ્થા સાથે જોડાયેલ છે, તેઓએ પ્રસંશા પ્રમાણપત્ર અર્પણ કરતા જણાવેલ કે, ભગવાન પછીના સ્થાને વરિષ્ઠ નાગરિકો છે, જેને હરહંમેશ માન આપવુ એ અમારી ફરજ છે. ભારત-ગુજરાત ની સુવાસ આજે કેનેડા સુધી પ્રસરાવવાનું કાર્ય આપના જેવા વરિષ્ઠ નાગરિકો કરી રહ્યા છે. વરિષ્ઠ નાગરિકો ના અનેક સ્વસ્થ્ય લક્ષી પ્રશ્નો ના ઉકેલ માટે આવી રીતે એકત્ર થઈ વિચારો ની આપ - લે કરવામા આ સંસ્થા અગત્યનો ભાગ ભજવી રહી છે. આરોગ્ય વ્યવસાય તકનીક સાથે સંકળાયેલ રૂહાની મહાવિદ્યાલય ના વેચાણ નિર્દેશક ગૌરવ કાલ્સી ઉપસ્થિત રહ્યા હતા.

આજના ભાવતા ભોજન માં પૂરી, લૂઝ મોહનથાળ, પાલક-પનીર, ચોલે ચણા, પંજાબી પકોડા, તડકા દાળ (પીળી), જીરા રાઈસ, પાપડ-પાપડી વગેરે, જ્યારે જૈન/સ્વામિનારાયણ ભોજન માં ઉંધીયું, ભરેલા ભીંડા, ખમણ અને દાળ વગેરે પીરસવામાં આવેલ. મનહર પટેલ, શંકર આરડે, રમેશ આંબલિયા, વિનોદ ગોંડલીયા, ચંદ્રકાંત પટેલ, જગદીશ પટેલ, અશ્વિન રાવલ અને જયેશ શાહે કાર્યક્રમના અંતે રસોડા વિભાગ માં સુવ્યવસ્થિત ફરજ બજાવી દરેક ને ભાવપૂર્વક જમાડયા હતા.

સંગીત વ્યવસ્થા યોગ્ય રીતે સંભાળનાર અનિલ ભાવસાર, ઈશ્વર પટેલ અને અલકેશ પટેલને બિરદાવ્યા હતા. ફોટોગ્રાફી કરનાર મિત્રો અને આરએસવીપી નો ભાર સંભાળેલ અંબાલાલ સી.પટેલ તથા લવાજમ સ્વિકારી રસીદ અને કાર્ડ આપનાર પરબત બોરડ અને વિનોદ ગોંડલીયા પણ અભિનંદન ને પાત્ર છે. ચાલુ સભા માં સુવ્યવસ્થિત ગોઠવણ અને જરૂરીયાત સમજી મદદરૂપ થતા રણજીત પટેલ, શશી અને મિલિંદ દવે એ અનોખી સેવા પુરી પાડી હતી. ભરત શર્મા એ ક્રુજ પ્રવાસ માં જોડાયેલ દરેક ને સમયસર ઉપસ્થિત રહવા જણાવેલ તથા હવાઈ અડ્ડા થી સીએટલ પહોંચવા બસ ની ગોઠવણ અંગે ની માહીતી રજુ કરેલ.

સમિતિ અને સ્વયંસેવકો એ છેલ્લે ભોજન લીધા બાદ અમિત ભટ્ટે સર્વેનો આભાર માની આજ નો કાર્યક્રમ પૂર્ણ થયેલ જાહેર કર્યો હતો. હવે પછી કોઈપણ વરિષ્ઠ નાગરિક વર્ષ 2026-27 સભ્ય બનવા માંગતા હોય તો વાર્ષિક લવાજમ 75(વાર્ષિકફી)+25(સભ્યફી)= 100/- ભરવા ના રહેશે.